RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૪    શનિવાર તા.૦૪-૦૭-૨૦૨૬    અંક : ૧૫૮ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ભારતે ૨૩ પાકિસ્તાનીઓને આતંકવાદી જાહેર કર્યા

## પાકિસ્તાનમાં રહીને આતંકવાદી સંગઠનો સાથે મળી ભારત વિરોધી પ્રવૃત્તિ બદલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે યુએપીએ હેઠળ કરી કાર્યવાહી : વ્યક્તિગત તરીકે હવે કુલ ૮૦ આતંકવાદી જાહેર

નવી દિલ્હી

પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ વિરુદ્ધ કડક વલણ અપનાવતા ભારત સરકારના ગૃહ મંત્રાલયે એક મોટી કાર્યવાહી કરી છે. પાકિસ્તાનમાં આશ્રય લઈ રહેલા અને ત્યાંથી ભારત વિરોધી ગતિવિધિઓ ચલાવતા ૨૩ વ્યક્તિઓને ગેરકાનૂની પ્રવૃત્તિઓ પ્રતિબંધક અધિનિયમ (યુએપીએ) હેઠળ સત્તાવાર રીતે 'આતંકવાદી' જાહેર કરવામાં આવ્યા છે. સરકારના આદેશ અનુસાર, આ તમામ વ્યક્તિઓ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને અન્ય પ્રતિબંધિત આતંકી સંગઠનો સાથે સીધા જોડાયેલા છે.




ગૃહ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, આ ૨૩ આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓની ભરતી કરવા, સરહદ પારથી ઘૂસણખોરી કરાવવા, હથિયારોની હેરાફેરી કરવા અને ડ્રોન મારફતે હથિયારો મોકલવાના કાવતરામાં સામેલ છે. આ યાદીમાં સામેલ ત્રણ આતંકીઓ ૨૦૧૬ ના નગરટોટા આર્મી કેમ્પ હુમલામાં અને બે આતંકીઓ ૨૦૧૮ ના સુંજવાન મિલિટરી સ્ટેશન પર થયેલા આતંકી હુમલામાં વોન્ટેડ છે.ગૃહ મંત્રાલયે લશ્કરના સ્થાપક હાફિઝ સઈદના અત્યંત નજીકના ત્રણ સાથીઓની ઓળખ જાહેર કરી છે. જેમાં ૫૪ વર્ષીય રાણા ઈફ્તિખાર, ૫૨ વર્ષીય અબ્દુલ રઉફ અને ૫૧ વર્ષીય હાફિઝ ખાલિદ વલીદનો સમાવેશ થાય છે. રાણા ઈફ્તિખાર યુવાનોને જેહાદ માટે ઉશ્કેરવાનું કામ કરે છે, જ્યારે અબ્દુલ રઉફ ફંડ એકઠું કરવાની અને આતંકી હુમલાના પ્લાનિંગની જવાબદારી સંભાળે છે. હાફિઝ ખાલિદ વલીદ અનેક આતંકી હુમલાનો માસ્ટરમાઈન્ડ રહ્યો છે. આજે આ ૨૩ નામો ઉમેરાતાની સાથે જ ભારતમાં યુએપીએ હેઠળ વ્યક્તિગત આતંકી જાહેર કરાયેલા લોકોની કુલ સંખ્યા ૮૦ પર પહોંચી ગઈ છે.૨૦૧૯ માં આતંકવાદ વિરોધી કાયદામાં કરાયેલા સુધારા બાદ હવે સંગઠનોની સાથે વ્યક્તિગત આતંકવાદીઓને પણ આ યાદીમાં સામેલ કરી શકાય છે.

# હિમાચલ પ્રદેશમાં પૂર અને ભૂસ્ખલનથી વ્યાપક નુકસાની : ૧૪ લોકોના મોત

## રાજ્યમાં અનેક સ્થળોએ પૂરપ્રકોપ અને ભૂસ્ખલન થતા કરોડોનું નુકસાન

નવી દિલ્હી

હિમાચલ પ્રદેશમાં દક્ષિણ- પશ્ચિમ મોન્સૂનનો કહેર યથાવત છે. ભારે વરસાદ, વાદળ ફાટવાની ઘટનાઓ અને ભૂસ્ખલનને કારણે રાજ્યમાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. છેલ્લા ત્રણ દિવસમાં કુદરતી આફતોના કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૧૪ થઈ ગઈ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના અહેવાલ મુજબ, આ અકસ્માતોમાં ૧૨ લોકોના મોત હવામાન સંબંધિત ઘટનાઓમાં થયા છે, જ્યારે ૨ લોકોએ રોડ એક્સિડન્ટમાં જીવ ગુમાવ્યા છે.કિન્નોર જિલ્લામાં શુક્રવારે વહેલી સવારે આશરે ચાર વાગ્યે થયેલા ભારે વરસાદને કારણે ચોલિંગ વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પૂરની સાથે આવેલા ભારે કાટમાળના કારણે શિમલા-રિકાંગપિઓ રાષ્ટ્રીય રાજમાર્ગ આશરે ૩૦ મીટર સુધી બંધ થઈ ગયો હતો, જે સવારે ૧૦ વાગ્યા સુધી બંધ રહ્યો હતો. આ દરમિયાન હાઈવે પરથી પસાર થઈ રહેલી બે કાર કાટમાળની લપેટમાં આવી ગઈ હતી, પરંતુ સદનસીબે તે સમયસર રોકાઈ જતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ ઉપરાંત, રિબ્બામાં પણ પૂર આવવાના કારણે રિબ્બા-કંડે સંપર્ક માર્ગ વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.રાજ્યમાં મોન્સૂનના આગમન સાથે જ અત્યાર સુધીમાં આશરે ૧૬ કરોડ રૂપિયાના નુકસાનનું આકલન કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યમાં ૩૦.૯ મિલીમીટર વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૧૦૬ ટકા વધુ છે. ખાસ કરીને કિન્નોરમાં સામાન્ય કરતાં ૪૨૩ ટકા વધુ વરસાદ થયો છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે હાલમાં પણ રાજ્યના ૪૯ રસ્તાઓ અને ૩ ટ્રાન્સફોર્મર બંધ છે.

# બલુચિસ્તાનમાં કોસ્ટગાર્ડ કેમ્પ ઉપર હુમલો : ૩૦ સુરક્ષાકર્મીના મોત

## પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મીએ ફિદાઈન હુમલો કર્યો હોવાનો દાવો કર્યો : બલુચિસ્તાનને મુક્ત કરવા કરી માંગ

ગ્વાદર

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાંથી એક અત્યંત ભયાનક આતંકી હુમલાના સમાચાર સામે આવી રહ્યા છે. પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મીએ દાવો કર્યો છે કે તેના લડવૈયાઓએ ગ્વાદર જિલ્લાના જીવાની વિસ્તારમાં પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ્સના એક મોટા કેમ્પ પર આત્મઘાતી હુમલો કર્યો છે. સંગઠનનો દાવો છે કે આ ભીષણ હુમલામાં પાકિસ્તાનના ૩૦ થી વધુ સુરક્ષાકર્મીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા છે અને અનેક સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલાને કારણે સમગ્ર પાકિસ્તાની સૈન્ય અને સરકારી



તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

'ધ બલૂચિસ્તાન પોસ્ટ' ના અહેવાલ મુજબ, આ હુમલાની જવાબદારી સ્વીકારતા બીએલએના પ્રવક્તા જીયંદ બલોચે જણાવ્યું છે કે, આ ઓપરેશનને સંગઠનની સૌથી ઘાતક અને ખાસ આત્મઘાતી યુનિટ 'માજિદ બ્રિગેડ' દ્વારા અંજામ આપવામાં આવ્યો છે. આ હુમલો જીવાનીના પનવાન વિસ્તારમાં આવેલા કોસ્ટ ગાર્ડ્સના વ્યૂહાત્મક કેમ્પ પર થયો હતો. સંગઠને આને 'ફિદાયીન' હુમલો ગણાવતા કહ્યું કે તેમના લડવૈયાઓ ભારે હથિયારો સાથે પહેલા સુરક્ષા વ્યવસ્થા ભેદીને કેમ્પની અંદર ઘૂસી ગયા હતા અને ત્યારબાદ અંધાધૂંધ ગોળીબાર અને બ્લાસ્ટ કરીને આખા કેમ્પને નિશાન બનાવ્યો હતો.આ હુમલો જે ગ્વાદર જિલ્લામાં થયો છે તે ભૌગોલિક અને આર્થિક દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ છે. ગ્વાદરમાં ચીનના આર્થિક સહયોગ અને રોકાણથી પાકિસ્તાનનો સૌથી મોટો પોર્ટ પ્રોજેક્ટ અને સીપેક સંબંધિત કામો ચાલી રહ્યા છે. ચીની નાગરિકો અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે પાકિસ્તાને હજારો સૈનિકો તૈનાત રાખ્યા છે, તેમ છતાં આટલો મોટો આત્મઘાતી હુમલો થવો એ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓની મોટી નિષ્ફળતા દર્શાવે છે. જોકે, પાકિસ્તાની સત્તાવાળાઓ કે સેના દ્વારા હજુ સુધી આ હુમલામાં માર્યા ગયેલા સૈનિકોના આંકડાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. બલૂચિસ્તાન એ પાકિસ્તાનનો વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો પરંતુ વસ્તીની દ્રષ્ટિએ સૌથી નાનો પ્રાંત છે, જ્યાં દાયકાઓથી અલગતાવાદી આંદોલન ચાલી રહ્યું છે. બીએલએનું કહેવું છે કે આ હુમલો પાકિસ્તાની સુરક્ષા દળો સામે ચાલી રહેલા તેમના લાંબા સશસ્ત્ર સંગ્રામનો જ એક ભાગ છે.



માયાનગરી મુંબઈમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદના કારણે મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયા છે.મહાનાયક અમિતાભ બચ્ચન અને અજય દેવગણના બંગલામાં પણ પાણી ભરાઈ ગયા હતા.

# અમેરિકામાં શખ્સ શોપિંગ મોલમાં ફાયરિંગ કરી ફરાર : બે લોકોના મોત

## સામાન્ય બોલાચાલી થયા બાદ શખ્સે અંધાધૂંધ ફાયરિંગ કર્યું

મિશિગન સ્ટેટ,

અમેરિકામાં ગન કલ્ચર અને અંધાધૂંધ ગોળીબારની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. હવે મિશિગન સ્ટેટના ડિયરબોર્ન શહેરમાં આવેલા એક પ્રતિષ્ઠિત શોપિંગ મોલમાં ભયાનક ગોળીબારની ઘટના સામે આવી છે, જેમાં બે લોકોના કરુણ મોત નીપજ્યા છે જ્યારે એક નિર્દોષ નાગરિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ઘટનાને અંજામ આપીને હુમલાખોર ફરાર થઈ જતાં પોલીસે સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી તેની શોધખોળ હાથ ધરી છે.અહેવાલો અનુસાર, ફેરલેન ટાઉન સેન્ટર મોલમાં શુક્રવારે બપોરે આશરે ૨:૦૦ વાગ્યાની આસપાસ ગોળીબારની આ ઘટના બની હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, બે વ્યક્તિઓ વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ વિવાદ એટલો વધી ગયો કે એક શખસે અચાનક ગન કાઢીને સામેવાળી વ્યક્તિ પર ટાર્ગેટ કરીને અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ ઘટનામાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે ત્યાંથી પસાર થઈ રહેલા એક નિર્દોષ રાહદારીને પણ ગોળી વાગતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

ફાયરિંગના અહેવાલો મળતા જ ડિયરબોર્ન પોલીસ અને મિશિગન સ્ટેટ પોલીસની કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

# જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાતથી ચીન નારાજ

ટોક્યો

જાપાનના વડાપ્રધાન સાનાઈ તાકાઈચીની ભારત મુલાકાતથી ચીને નારાજગી વ્યક્ત કરી છે. જે અંગે ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બે રાષ્ટ્ર વચ્ચે સહયોગનો હેતુ ત્રીજા દેશને નીચું દેખાડવાનો કે નુકશાન પહોંચાડવાનો ન હોવો જોઈએ. જ્યારે ભારત અને જાપાને અનેક મુદ્દાઓ પણ એમઓયુ પણ કર્યા છે. પીએમ મોદીએ જાપાનના વડાપ્રધાન સાનાઇ તાકાઈચીને નાની બહેન ગણાવ્યા હતા. તેમજ જાપાન સાથેના સંબંધોને પ્રાથમિકતા આપી છે.

આ દરમિયાન ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, બે દેશો વચ્ચે સહયોગ એવો હોવો જોઈએ કે તે ક્ષેત્રીય રાષ્ટ્રો વચ્ચે સમજણ અને વિશ્વાસ વધારે અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુ ભારત અને જાપાન વચ્ચે ખનિજો પર સહયોગ અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. તેમણે કહ્યું કે આવા સહયોગનો હેતુ કોઈ તૃતીય પક્ષને લક્ષ્ય બનાવવાનો કે તેના હિતોને નુકસાન પહોંચાડવાનો ન હોવો જોઈએ. તેનો ઉપયોગ વિશિષ્ટ જૂથો બનાવીને વિભાજન અને સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે ન થવો જોઈએ.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક ઔદ્યોગિક અને સપ્લાય ચેનને સુરક્ષિત અને સ્થિર રાખવી એ બધા દેશોની સહિયારી જવાબદારી છે. તેમજ બધા પક્ષોએ સહયોગને પ્રોત્સાહન આપવું જોઈએ અને આ પ્રક્રિયામાં રચનાત્મક ભૂમિકા ભજવવી જોઈએ.

**વૈશ્વિક ઔદ્યોગિક અને સપ્લાય ચેનને સુરક્ષિત અને સ્થિર રાખવી એ બધા દેશોની સહિયારી જવાબદારી : ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા**

પીએમ મોદી અને તાકાઈચી વચ્ચે શિખર-સ્તરની વાટાઘાટો બાદ ભારત અને જાપાને ગુરુવારે અનેક મુખ્ય પહેલોની જાહેરાત કરી હતી. જેમાં આર્થિક ભાગીદારી માળખું, લશ્કરી હાર્ડવેરના સંયુક્ત ઉત્પાદન માટે સંરક્ષણ કરાર અને ક્રૂડના ભાવમાં અચાનક વધઘટને પહોંચી વળવા માટે ઊર્જા સંબંધોને મજબૂત કરવાના પગલાંનો સમાવેશ થાય છે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પૂર્વ ચીન સમુદ્ર અને દક્ષિણ ચીન સમુદ્રની પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે એકપક્ષીય કાર્યવાહીનો વિરોધ કર્યો જે નેવિગેશનની સ્વતંત્રતાને જોખમમાં મૂકે છે અને શક્તિના ઉપયોગ દ્વારા વર્તમાન સ્થિતીને બદલવાના પ્રયાસો કરે છે.

# યુક્રેન સામે યુદ્ધ શરૂ રહેશે : પુતિન

## યુક્રેન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ રશિયાએ યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી યુક્રેન સામે લડાઈનું એલાન કર્યું

મોસ્કો

યુક્રેન દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ હુમલાઓને કારણે રશિયાની ઓઈલ રિફાઈનરીઓ અને સપ્લાય સિસ્ટમ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. પોતાની ઘરેલું બજારમાં પેટ્રોલ-ડીઝલની માંગને પહોંચી વળવા માટે રશિયાને હવે ભારત સહિત અન્ય દેશો પાસેથી ઈંધણ ખરીદવાની ફરજ પડી રહી છે. આમ છતાં, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન યુદ્ધના મેદાનમાંથી પીછેહઠ કરવા જરાય મૂડમાં નથી. યુક્રેન દ્વારા રજૂ કરવામાં આવેલા યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢતા પુતિને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, રશિયાએ નક્કી કરેલા તમામ લક્ષ્યાંકો પૂરા ન થાય ત્યાં સુધી આ લડાઈ ચાલુ જ રહેશે.

બીજી તરફ, રશિયા દ્વારા ગુરુવારે યુક્રેનની રાજધાની કીવ પર કરવામાં આવેલા ભયાનક હુમલામાં જાનમાલનું મોટું નુકસાન થયું છે અને મૃત્યુઆંક વધીને ૩૦ પર પહોંચી ગયો છે. રાષ્ટ્રપતિ પુતિને આ અંગે દાવો કર્યો છે કે, યુક્રેન રશિયાના ઊર્જા પ્લાન્ટ્સ (એનર્જી સેક્ટર્સ) પર હુમલા કરીને યુદ્ધના મોરચે થઈ રહેલી પોતાની હાર પરથી વિશ્વનું ધ્યાન ભટકાવવા માંગે છે. જોકે, વૈશ્વિક સંરક્ષણ વિશ્લેષકોનું માનવું છે કે, છેલ્લા કેટલાક મહિનાઓથી યુદ્ધના મેદાનમાં રશિયન સેનાની આગળ વધવાની ગતિ નોંધપાત્ર રીતે ધીમી પડી ગઈ છે.

વ્લાદિમીર પુતિને સ્વીકાર્યું છે કે હાલનો સમય રશિયા માટે ખૂબ જ પડકારજનક છે, પરંતુ તેમણે આશા વ્યક્ત કરી છે કે તેલ અને ગેસની આ કટોકટી પર ટૂંક સમયમાં કાબૂ મેળવી લેવાશે. ઉલ્લેખનીય છે કે, યુક્રેને તાજેતરના મહિનાઓમાં રશિયાના ઓઈલ અને ગેસ સ્ટેશનો પર ૫૦ થી વધુ મોટા હુમલા કર્યા છે.

# બ્રિટનમાં હિન્દુ મંદિર બનાવવા માટે જમીન ફાળવવામાં ન આવતા વિવાદ

## સ્થાનિક કાઉન્સિલે ધાર્મિક પ્રવૃત્તિઓ માટે અનામત રાખેલી જમીન હિન્દુ સંગઠનને આપવાને બદલે એક ચર્ચ નેટવર્કને આપી દીધી

કેમ્બ્રીજ,

બ્રિટનના કેમ્બ્રિજશાયરમાં વસતા હિન્દુ સમુદાયને મોટો આંચકો લાગ્યો છે, કારણ કે આ વિસ્તારમાં પ્રથમ હિન્દુ મંદિર બનાવવાનું તેમનું વર્ષો જૂનું સપનું હાલ પૂરતું અધૂરું રહી ગયું છે. સ્થાનિક કાઉન્સિલે ધાર્મિક પ્રવૃત્તિઓ માટે અનામત રાખેલી જમીન હિન્દુ સંગઠનને આપવાને બદલે એક ચર્ચ નેટવર્કને ૯૯૯ વર્ષની લાંબી લીઝ પર સોંપવાનો નિર્ણય કર્યો છે. આ પ્રોજેક્ટમાં એક મુસ્લિમ સંગઠન પણ ભાગીદાર બનશે, જેને નમાજ પઢવા તેમજ ધાર્મિક શિક્ષણ આપવા માટે અલગ જગ્યા ફાળવવામાં આવશે.

આ વિવાદ નોર્થસ્ટો શહેરનો છે, જ્યાં વસ્તી ખૂબ જ ઝડપથી વધી રહી છે. સાઉથ કેમ્બ્રિજશાયર ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલે આશરે ૦.૨૫ હેક્ટર જમીન નોર્થસ્ટો ચર્ચ નેટવર્ક (NCN)ને અત્યંત મામૂલી ભાડા પર ૯૯૯ વર્ષની લીઝ પર આપવાનું નક્કી કર્યું છે. સ્થાનિક હિન્દુ પરિવારોના સંગઠન 'હિન્દુ સમાજ નોર્થસ્ટો' (HSN) દ્વારા પણ આ જમીન માટે દાવો કરવામાં આવ્યો હતો.હિન્દુ સંગઠનનો હેતુ અહીં એક એવું સંકુલ બનાવવાનો હતો જેમાં હિન્દુ મંદિરની સાથે ઈન્ટરફેથ સેન્ટર અને વેલનેસ સેન્ટર પણ હોય, જેથી તમામ સમુદાયના લોકો તેનો લાભ લઈ શકે. જો કે, કાઉન્સિલની મૂલ્યાંકન સમિતિમાં ચર્ચ નેટવર્કના પ્રસ્તાવને ૮૧ ટકા ગુણ મળ્યા, જ્યારે હિન્દુ સંગઠન માત્ર ૬૫ ટકા ગુણ મેળવી શક્યું. આ ગુણભારના આધારે આખરે ચર્ચના પ્રસ્તાવને મંજૂરી આપી દેવામાં આવી.હિન્દુ સમુદાયના જણાવ્યા અનુસાર, સમગ્ર કેમ્બ્રિજશાયરમાં એક પણ હિન્દુ મંદિર નથી. ધાર્મિક વિધિઓ અને તહેવારો ઉજવવા માટે લોકોને કલાકોની મુસાફરી કરીને બર્મિંગહામ કે વેમ્બલી જવું પડે છે. ભાડે મળતા કોમ્યુનિટી હોલ રાતભર ઉપલબ્ધ ન હોવાને કારણે મહાશિવરાત્રી કે ગણેશોત્સવ જેવા તહેવારો વિધિ-વિધાન સાથે ઉજવવા મુશ્કેલ બને છે અને ઘણીવાર ભગવાનની મૂર્તિઓ બેગમાં ભરીને લોકોના ઘર કે ગેરાજમાં રાખવી પડે છે.

# ઠેબા ચોકડી પાસે અકસ્માતમાં એક યુવાનનું મોત

## ત્રણ વ્યક્તિ ઘાયલ, બાઈક અને સર્કિપીયો વચ્ચે સર્જાયો અકસ્માત







તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-ખંભાળિયા માર્ગ પર ઠેબા ચોકડી નજીક આવેલા દરેડ નીલગીરી ગોળાઈ પાસે ગત રાત્રે આશરે ૧૦.૧૫ વાગ્યે સ્કોર્પિયો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક પર સવાર ચાર વ્યક્તિઓ પૈકી બે યુવાનોને ઈજા પહોંચતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ અકસ્માતમાં ઘાયલ થયેલા મુકેશભાઈ નામના એક શ્રમિક યુવાનનું ગંભીર ઈજા થવાના કારણે અંતરિયાળ મૃત્યુ નિપજ્યું છે.જ્યારે દેવાભાઈ વિરાભાઈ ભાટીયા (ઉ.વ.૨૦)ને શરીરે છોલા પડવા, રક્તસ્ત્રાવ થવો, નબળાઈ અનુભવવી તેમજ જમણા પગના ફીમર હાડકામાં ગંભીર ફ્રેક્ચર અને જમણા હાથના કાંડા પાસે નાનો ઘા થયો હતો.

૧૦૮ની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપીને સ્પ્લિન્ટિંગ, ઘાની સારવાર તથા આઈવી એક્સેસ સહિતની તબીબી કાર્યવાહી કરવામાં આવી હતી.

બીજા ઘાયલ ધર્મિકભાઈ હીરાભાઈ સોલંકી (ઉ.વ. ૧૭)ને શરીરે સામાન્ય ઈજા તેમજ ચક્કર આવવાની ફરિયાદ હતી. તેમને પ્રાથમિક સારવાર સાથે ઓક્સિજન આપીને વધુ સારવાર અર્થે જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એક શ્રમિક યુવાન પણ બેશુદ્ધ થઈને ઘાયલ થયો છે, અને સારવાર હેઠળ છે. અકસ્માત અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# બેડીના ધરારનગરમાં મિત્રને છોડાવવા ગયેલ યુવાન પર ચાર શખ્સોનો હુમલો

જામનગર : જામનગર શહેરના સાધના કોલોની વિસ્તારમાં મિત્ર વચ્ચે ચાલતા ઝઘડામાં છોડાવવા ગયેલા એક યુવાન પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. હુમલામાં યુવાનને હાથ, બગલ અને ગાલના ભાગે ઈજા થતાં તેને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ ચાર ઈસમો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં પ્રણામી ટાઉનશીપ શેરી નં. ૧ ખાતે રહેતા અને મજૂરી કામ કરતા રાજભા જબ્બરસિંહ રાઠોડ ગઈરાત્રે પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન સાધના કોલોનીના જલારામ ચોક ખાતે પહોંચતા તેમના મિત્ર કુણાલ મદનલાલ કોકડે અને રામજી બીગુ શાહ વચ્ચે ઝઘડો ચાલતો હતો. રાજભા મિત્રને છોડાવવા વચ્ચે પડતા રામજી શાહ તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ તેમની સાથે બોલાચાલી કરી મારામારી શરૂ કરી હતી. દરમિયાન રામજી શાહ છરી લઈ આવ્યો હતો અને રાજભાના ડાબા હાથના કાંડા, ડાબી બાજુ બગલની નીચે તેમજ ડાબા ગાલના ભાગે છરીના ઘા ઝીક્યા હતા. હુમલા બાદ અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ પણ ઢીકા-પાટુનો માર મારતાં રાજભાને શરીરે અન્ય ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો એકત્ર થતાં હુમલાખોરો ત્યાંથી નાસી ગયા હતા.

જ્યારે ઈજાગ્રસ્ત રાજભા પોતાના ફુવાના ઘરે પહોંચ્યા બાદ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે રાજભા જબ્બરસિંહ રાઠોડની ફરિયાદના આધારે સીટી 'એ' ડિવિઝન પોલીસે રામજી બીગુ શાહ તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રોલ પંથક અને ખંભાલિડા ગામે દારૂના ત્રણ દરોડા ૧૦૬ ચપલા સાથે ત્રણ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં પ્રોહિબિશનના ગુનાઓ સામે પોલીસે હાથ ધરેલા અભિયાન દરમિયાન અલગ-અલગ ત્રણ સ્થળોએ દરોડા પાડી ભારતીય બનાવટનો વિદેશી દારૂ કબજે કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપી ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે.

ધ્રોલ તાલુકાના ડાંગરા ગામે કિરણસિંહ ઉર્ફે કરણસિંહ જામભા જાડેજાના રહેણાંક મકાનમાંથી પાસ-પરમિટ વિના વેચાણ માટે રાખેલા વિદેશી દારૂના ૮ ચપટા, કિંમત રૂ. ૮૦૦નો જથ્થો કબજે કરી તેની ધરપકડ કરવામાં આવી હતી.


ઉપરાંત હાડાટોડા ગામે વિજયસિંહ ઉર્ફે પીન્ટુભા ગુણવંતસિંહ જાડેજાની વાડીમાં બાતમીના આધારે પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં ઓરડીમાંથી વિવિધ કંપનીના વિદેશી દારૂના ૬૮ ચપટા, કિંમત રૂ. ૬,૮૦૦નો જથ્થો કબજે કરી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

જ્યારે જામનગર તાલુકાના ખંભાળીડા ગામ રોડ પર એલ.સી.બી.ની ટીમે વિશ્વરાજસિંહ અશોકસિંહ જાડેજાને ૩૦ ચપટા વિદેશી દારૂ, કિંમત રૂ. ૩,૦૦૦ સાથે ઝડપી પાડ્યો હતો. દારૂ સપ્લાય કરનાર ૯૫૮૬૮૩૧૯૨૬ નંબરના એક મોબાઈલધારકને પોલીસે ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

આ ત્રણેય કાર્યવાહીમાં કુલ ૧૦૬ ચપટા વિદેશી દારૂ સહિત રૂ. ૧૦,૬૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. અને તમામ આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઓખા બંદર પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ





દ્વારકા : હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલ દરિયાઈ વિસ્તારની આગાહીના પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. સાવચેતીના પગલારૂપે દ્વારકા તાલુકાના ઓખા બંદર પણ ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાડવામાં આવ્યું છે.

હવામાન વિભાગે જાહેર કરલે સંભાવના અનુસાર આગામી સમયમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૦ થી ૬૦ કિમી પ્રતિકલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે. આ સાથે અરબી સમુદ્રમાં ભારે કરન્ટ જોવા મળવા ઉપરાંત ઊંચા મોજાઓ ઉછળતા જોવા મળી રહયા છે. દરિયાઈ સ્થિતિ વણસે તેવી સંભાવના જોતા તંત્ર દ્વારા તમામ માછીમારોને સાવચેત રહેવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. તમામ માછીમારોને પોતાની બોટો કિનારે સલામત સ્થળે લાંગરી દેવા સૂચના આપવામાં આવી છે.

આ ઉપરાંત બોટમાં રહેલ કિંમતી સામાન સુરક્ષિત ખસેડવા પણ જણાવાયું છે. કાંઠા વિસ્તારમાંથી તમામ માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચિત કરાયા છે.

# જામનગરમાં રહસ્યમય સંજોગોમાં તરૂણીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગરમાં બે દિવસથી તાવ આવતો હતો તે તરૂણીએ ગઈકાલે ગળાટૂંપો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ તરૂણીનું કોલેજનું પરિણામ પણ બુધવારે જ આવ્યું હતું. પોલીસે ઉપરોક્ત બનાવની તપાસ શરૂ કરી છે.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી મંગલધામ સોસાયટીની શેરી નં.૨ માં રહેતા જાનવીબેન દિનેશભાઈ ગંઢા (૧૭) નામના તરૂણીએ ગઈકાલે સાંજે પોતાના ઘરમાં પંખામાં દુપટ્ટો બાંધી ગળાટૂંપો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

આ બનાવની તેમના પિતા દિનેશભાઈ વનરાવનભાઈ ગંઢાએ પોલીસ ને જાણ કરી હતી. તેઓના જણાવ્યા મુજબ બે એક દિવસથી જાનવીબેનને તાવ આવતો હતો અને તે દરમિયાન બુધવારે તરૂણીનું કોલેજનું પરિણામ પણ આવ્યું હતું. તે પછી અગમ્ય કારણથી તેણીએ ગઈકાલે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

# ઓખામાં રહેણાંક મકાનમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

દ્વારકા : ઓખામાં રહેણાંક મકાનમાં એલસીબી પોલીસે દરોડો પાડી સંચાલક સહિત જુગાર રમતા પાંચ શખ્સને રૂ. ૨૨ હજાર ઉપરાંતની માલમતા સાથે પકડી પાડી જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે ઓખામાં ગાંધીનગરી વિસ્તારમાં આવેલા ઓમ મહાદેવ મંદિર પાસે રહેતો કરમણભા જીમલભા માણેક નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં આર્થિક લાભ માટે બહારથી માણસો બોલાવી જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક કરમણભા માણેક તથા હુસેન કરીમભાઈ સુંભણીયા, શરીફ આમદભાઈ બેતારા, અરવિંદભા માણસીભા સુમણીયા અને સલીમ હસનભાઈ થૈમ નામના પાંચ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૭૧૯૦ ની રોકડ રકમ તેમજ રૂ. ૧૫૫૦૦ ની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨૨૬૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જામનગરના શિવભક્તોએ બાબા બરફાનીના દર્શન કરી ધન્યતા અનુભવી



જામનગર : જામનગર શહેરમાંથી બાબા બરફાનીના પવિત્ર દર્શનાર્થે રવાના થયેલો પ્રથમ અમરનાથ યાત્રા સંઘ સફળતાપૂર્વક અમરનાથ ધામ પહોંચી ગયો છે. વિવિધ ટ્રેન અને અન્ય વાહન વ્યવસ્થાના માધ્યમથી યાત્રાધામ પહોંચેલા તમામ શિવભક્તોએ પવિત્ર હિમલિંગ સ્વરૂપે બિરાજમાન બાબા બરફાનીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

યાત્રા દરમિયાન અનેક સ્થળોએ વરસાદ તેમજ પ્રતિકૂળ હવામાનનો સામનો કરવો પડ્યો હોવા છતાં શિવભક્તોના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નહોતો. કઠિન ચઢાણ અને પડકારજનક માર્ગ પાર કરીને શ્રદ્ધાળુઓ ભારે ભક્તિભાવ સાથે અમરનાથ ગુફા સુધી પહોંચ્યા હતા. અમરનાથ ગુફામાં પહોંચતા જ "બમ બમ ભોલે" અને "હર હર મહાદેવ"ના ગગનભેદી જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. બાબા બરફાનીના દિવ્ય દર્શન કરીને યાત્રાળુઓએ પોતાના જીવનને ધન્ય ગણાવ્યું હતું.

# જામનગરમાં અચાનક બેભાન થઈ જતા વિપ્ર પ્રૌઢ મહિલાનું મૃત્યુ

જામનગર : જામનગર શહેરના પટેલ કોલોની વિસ્તારમાં રહેતી એક મહિલાનું ઘરે જ અચાનક બેભાન થઈ જતાં મૃત્યુ નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશને અકુદરતી મૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ જામનગરમાં પટેલ કોલોની શેરી નં. ૧૨ સ્થિત વૃંદાવન એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૩૦૨માં રહેતા રમેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટે જાણ કરી હતી કે તેમની પત્ની ઉમાબેન રમેશભાઈ ભટ્ટ (૫૨) પોતાના ઘરે અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ બાદ ઉમાબેનને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે રમેશભાઈ ભટ્ટે પોલીસને જાણ કરતા સીટી 'બી' ડિવિઝન પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

**RCC ઓવર હેડ ટાંકીની જોગવાઈ અને જુના તેમજ જર્જરીત ક્વૉટર્સનું બદલીકરણ**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૧, ૨૦૨૬-૨૭ તા.૦૧/૦૭/૨૦૨૬

**અનું. નં. ૧ :** ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૬-૨૭-E-૨૩ **કામનું નામ:** રાજકોટ ડિવિઝનઃ- RCC સમ્પ સહિત સુરેન્દ્રનગર ખાતે (૨૫૦KL) અને લખતર ખાતે (૧૦૦KL) RCC ઓવર હેડ ટાંકીની જોગવાઈ. **NITની અંદાજીત પડતર:** ₹ ૧,૪૪,૧૫,૭૨૪.૯૮ **અર્નેસ્ટમની:** ₹ ૨,૮૮,૩૦૦.૦૦, **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૨૩-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે.

**અનું. નં. ૨ :** ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૬-૨૭-E-૨૪ **કામનું નામ :** સિની. DEN-પશ્ચિમના અધિકારક્ષેત્ર હેઠળ મોડપુર (૦૪ નંગ) ગોરીંજા (૧૦ નંગ) અને મીઠાપુર (૨૬ નંગ) ખાતે જૂના અને જર્જરીત ટાઈપ-II ક્વૉટર્સનું બદલીકરણ. **NITની અંદાજીત પડતર:** ₹ ૯,૩૭,૪૨,૦૪૭.૮૫ **અર્નેસ્ટમની:** ₹ ૧૮,૭૪,૯૦૦.૦૦ **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૨૩-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ :** www.ireps.gov.in RJT-068

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# ધરમપુર ગામે બંધ પડેલ ખાનગી કંપનીમાંથી અડધો લાખના માલ-સામાનની ચોરી

ખંભાળિયા : ખંભાળિયાના ધરમપુર ગ્રામ્ય વિસ્તારમાં આવેલ એક બંધ હાલતમાં પડેલ ખાનગી કંપનીમાંથી ઈલેક્ટ્રીક અને કોપર વાયર તેમજ ભંગારના જથ્થા સહિત અડધો લાખ ઉપરાંતની કિંમતના માલ - સામાનની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયાની કંપનીના કર્મચારીએ ફરિયાદ નોંધાવતા ખંભાળિયા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ ગુન્હો દાખલ કરી અજાણ્યા તસ્કરોને પકડી પાડવા દોડધામ શરૂ કરી છે.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરથી ૯ કિમી દુર ધરમપુર ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માલકો એનર્જી લિમિટેડ કંપની છેલ્લા ૯ વર્ષથી બંધ હાલતમાં હોઈ ત્યાં ગત તા. ૩ ના રોજ કોઈ અજાણ્યા તસ્કરો ખાબકી કંપનીની દિવાલ ઉપરથી ઈલેક્ટ્રીક વાયર તથા કોપર વાયર જેમાં કોપર વાયર ૧૩૦ કિલો ગ્રામ કી. રૂ. ૩૨૫૦૦ તથા ઈલેક્ટ્રીક વાયર આશરે ૧૧૦ ગ્રામ કી. રૂ. ૧૬૫૦૦ તથા કંપની અંદર રાખેલ સ્ક્રેપ આશરે ૧૦૦ કીલો કિ. રૂ. ૫ હજાર સહિત કુલમળી રૂ. ૫૪ હજારની કિંમતનો માલ - સામાનની ચોરી કરી લઈ ગયાની ખંભાળિયા પોલીસ દફતરે કંપનીમાં સિક્યુરિટીમાં ફરજ બજાવતા નાનજીભાઈ લાલાભાઈ નકુમ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા એ.એસ.આઈ. એચ. એન. નંદાણીયાએ સ્થળપર દોડી જઈ આગળની તપાસ હાથ ધરી હતી.

# જામનગર આઈ.ટી.આઈ. દ્વારા તેજસ્વી ભૂતપૂર્વ તાલીમાર્થીઓનું સન્માન કરાશે

જામનગર : વર્ષ ૧૯૫૭થી જામનગરના યુવાનોમાં અવિરત કૌશલ્ય નિર્માણ કરી કુશળ કારીગરો તૈયાર કરતી પ્રતિષ્ઠિત સંસ્થા આઈ.ટી.આઈ. જામનગર દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સંસ્થામાંથી ભૂતકાળમાં કોઈપણ કોર્સ પૂર્ણ કરી પાસ આઉટ થયેલા અને ત્યારબાદ પોતાની કુશળતા થકી વિશેષ તેમજ ઉજ્વળ કારકિર્દી બનાવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હોય તેવા તેજસ્વી તાલીમાર્થીઓનો સન્માન સમારોહ તથા 'એલ્યુમની મીટ ૨૦૨૬' ટૂંક સમયમાં યોજાશે.

ગત વર્ષની સફળતાને જાળવી રાખીને આ વર્ષે પણ યોજાનારા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વર્તમાન પેઢીના યુવાનોમાં ટેકનિકલ કૌશલ્ય અને સ્કીલ ડેવલપમેન્ટ પ્રત્યે અભિરુચિ વધારવાનો તથા તેમને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડવાનો છે. આ સન્માન સમારોહ અંતર્ગત સંસ્થાના ગૌરવ સમાન ભૂતપૂર્વ તાલીમાર્થીઓનું વિવિધ કેટેગરીમાં બહુમાન કરવામાં આવશે.

આ સન્માન પ્રક્રિયાના ભાગરૂપે સંસ્થા દ્વારા ઓનલાઈન નામાંકન મંગાવવામાં આવ્યા છે. આઈ.ટી.આઈ. જામનગરના જે પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આમાં ભાગ લેવા ઈચ્છતા હોય, તેઓ ઓફિશિયલ ગુગલ ફોર્મ લિંક https://froms.gle/HMrZVEXAvm1b1ttP6 પર જઈને પોતાની કારકિર્દીને લગતી સંપૂર્ણ વિગતો આગામી તા. ૧૩/૭ સુધીમાં સબમિટ કરી શકશે.

આ સન્માન કાર્યક્રમની ચોક્કસ તારીખ, સ્થળ અને કાર્યક્રમની વિગતવાર રૂપરેખા સંસ્થા દ્વારા આધિકારિક રીતે હવે પછીથી જાહેર કરવામાં આવશે તેમ આચાર્યશ્રી આઈ.ટી.આઈ. દ્વારા જણાવાયું છે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**"સ્ટેશન ટીકિટ બુકિંગ એજન્ટ (STBAs)" તરીકે નિમણૂંક**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, રાજકોટ, રાજકોટ ડિવિઝનના નીચે જણાવેલા સ્ટેશનો પર **કોમ્પ્યુટરાઈઝ્ડ અનરિઝર્વ્ડ ટિકીટીંગ સીસ્ટમ (UTS)** મારફતે અનરિઝર્વ્ડ ટિકિટો આપવા માટે "સ્ટેશન ટિકિટ બુકિંગ એજન્ટ (STBAs)" તરીકેની નિમણૂંક માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ટેન્ડર નં. | સ્ટેશન જ્યાં STBA નિમણૂંક કરવાની છે | સ્ટેશનની કેટેગરી | ટેન્ડર નં. | સ્ટેશન જ્યાં STBA નિમણૂંક કરવાની છે | સ્ટેશનની કેટેગરી |
|---|---|---|---|---|---|
| C 49/BHTL/STBA/1 | ભાટેલ | NSG-6 | C 49/HM/STBA/6 | હડમતીયા | NSG-6 |
| C 49/MDPR/STBA/2 | મોડપુર | NSG-6 | C 49/PDH/STBA/7 | પડધરી | NSG-5 |
| C 49/LKBL/STBA/3 | લાખાબાવળ | NSG-6 | C 49/LTR/STBA/8 | લખતર | NSG 6 |
| C 49/ALB/STBA/4 | અલીયાબાડા | NSG-6 | C 49/ MU/STBA/9 | મકનસર | NSG 6 |
| C 49/JALD/STBA/5 | જાલીયાદેવાની | NSG-6 | C 49/ NZG/STBA/10 | નઝરબાગ | NSG 6 |

**નોંધ :** એક અરજદારની STBAs તરીકે માત્ર એક જ સ્ટેશન પર નિમણુંક થઈ શકશે. STBAs ની નિમણુંક પર વ્યક્તિને રેલવે પર રોજગારી માટેનો કોઈપણ અધિકાર મળશે નહિં. નિમણુંક પ્રકૃતિમાં સંપૂર્ણ પણે કરાર આધારિત છે અને STBAs ને રેલવે સેવામાં સમાવેશ, સેવાની નિયમિતતા, બોનસ, રેલવે પાસ વગેરે જેવી સુવિધાઓ મળી શકશે નહીં.

**સ્ટેશન ટિકીટ બુકિંગ એજન્ટ માટેની નિમણૂંક માટે યોગ્યતા:**

(a) અરજદાર જે સ્ટેશને STBAની નિમણુંક કરવાનું પ્રસ્તાવિત હોય તે સ્થાનિક/બ્લોક/તાલુકો/જિલ્લાનો નિવાસી હોવો જોઈએ. જોકે, સ્થાનિક જિલ્લામાંથી કોઈ યોગ્ય અરજદાર STBA તરીકે નિમણૂંક મેળવવાને પાત્ર ન હોવાના મામલામાં આ શરતમાં Sr.DCM / DCM દ્વારા છૂટછાટ આપી શકાશે. (b) અરજદાર ૧૮ વર્ષથી ઓછી વયના હોવા જોઈએ નહિં. (c) અરજદાર ઓછામાં ઓછું વર્ગ X (૧૦મું) પાસ હોવા જોઈએ. જોકે, કોઈ લાયકાત ધરાવતા અરજદાર ઉપલબ્ધ ન હોય તો Sr.DCM / DCM દ્વારા શૈક્ષણિક લાયકાતો પર અન્યથા છૂટછાટ આપી શકાશે. આ સંદર્ભમાં છૂટછાટનું પ્રમાણપત્ર નોંધવામાં આવી શકે છે. (d) અરજદારે તેના/તેણીના વિસ્તારમાં સેવા આપતા પોલીસ સ્ટેશનમાંથી ડિજીટલ રૂપમાં પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે કે તેનો/તેણીનો કોઈ ગુનાહિત રેકોર્ડ નથી અને તેની/તેણીની સામે કોઈ ફોજદારી કેસ પડતર નથી.

**ટેન્ડરોની અન્ય વિગતો:**

**કોન્ટ્રાક્ટનો સમયગાળો** (સંપૂર્ણ કોન્ટ્રાક્ટ ધોરણે) : NSG/5 અને NSG/6 કેટેગરી સ્ટેશન માટે ૦૩ (ત્રણ) વર્ષ, **અર્નેસ્ટમની:** (**ચુકવણી ફક્ત** "સિની. ડિવીઝનલ ફાયનાન્સ મેનેજર પશ્ચિમ રેલવે રાજકોટ" ની તરફેણમાં રાષ્ટ્રીયકૃત/શિડ્યૂલ્ડ બેંકના **ડિમાન્ડ ડ્રાફ્ટ**માં કરવાની રહેશે.) NSG-6 માટે પ્રતિ ટેન્ડર ₹ ૨,૦૦૦/-, NSG-5 માટે પ્રતિ ટેન્ડર ₹ ૫,૦૦૦/-, **ટેન્ડર દસ્તાવેજ ફી:** ₹ ૧,૦૦૦/- પ્રતિ ટેન્ડર (પરત ન મળવાપાત્ર), **ઉપર દર્શાવેલી ટેન્ડર દસ્તાવેજ ફીની ચુકવણી નેશનલાઈઝડ / શિડ્યુલ્ડ બેંક ના "સિની. ડિવિઝનલ ફાયનાન્સ મેનેજર, પશ્ચિમ રેલવે, રાજકોટ" ના નામે કઢાવેલા ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપમાં અથવા MR (કોઈપણ રેલવે સ્ટેશન પરની બુકિંગ ઓફિસે) માં ચૂકવણી કરી શકાશે ઓરીજીનલ મની રિસિપ્ટ / ડીડી ટેન્ડર સાથે જોડવાના રહેશે, નહીંતર ટેન્ડર ફોર્મ તાત્કાલીકરૂપે નકારવામાં આવશે.**

**વ્યક્તિગત રીતે ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તારીખ:** ૧૧-૦૮-૨૦૨૬ ના ૧૨:૦૦ કલાક સુધી. **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** ૧૧-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૧૧-૦૮-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે.

ઉપર દર્શાવિલા **૧૦** ટેન્ડરો બધા હેતુઓ માટે એકબીજા થી અલગ છે. ઉપર દર્શાવિલ ટેન્ડર દસ્તાવેજ ફી ચુકવીને જરૂરી માહિતી, ટેન્ડર નિયમો અને શરતો ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, કોઠી કમ્પાઉન્ડ રાજકોટની ઓફીસે થી વ્યક્તિગતરૂપે મેળવી શકાશે. વિગતવાર નિયમો અને શરતો સહિતના ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ www.wr.indianrailways.gov.in પર પણ ઉપલબ્ધ છે અને તેને ડાઉનલોડ કરી શકાશે અને ટેન્ડર દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી ટેન્ડર જમા કરાવી શકાશે. RJT-069

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# કલ્યાણપુર તાલુકાના લાંબા ગામના યુવાનનું વીજકરંટ લાગવાથી મૃત્યુ

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના લાંબા ગામના એક યુવાનનું વીજકરંટ લાગવાથી મૃત્યુ નિપજતા જુવાનજોધ પુત્રના અકાળે મૃત્યથી પરિવારમાં અરેરાટી સાથે કરુણ આક્રંદ છવાઈ ગયો હતો. આ બનાવની મૃતકના કુટુંબીજન દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર અને હોસ્પિટલ ખાતે દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતો અશ્વિનભાઈ હેભાભાઇ વરુ નામનો ૨૯ વર્ષનો યુવાન ગત તા. ૨ ના રોજ રાત્રિના સાડા નવેક વાગ્યાના સુમારે પોતાના ઘરે ઈન્વેટરમાં લાઈટના છેડા બદલાવતો હોઈ તે દરમિયાન જોરદાર વીજકરંટ લાગતા બેભાન થઈ ગયો હતો આથી તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ જવાયો હતો જ્યાં ટુંકી સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજતા પરિવાર ઉપર આભ તુટી પડ્યું છે. તેમજ ગામમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસ દફતરે કાનાભાઈ હમીરભાઈ વરૂ દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. એચ. ડી. કરમુરે ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

# સમાણા વિસ્તારમાં વધુ દોઢ જ્યારે વાંસજાળીયામાં સવા ઈંચ વરસાદ

જામનગર : જામનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વિવિધ વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જાહેર કરવામાં આવેલા દૈનિક વરસાદના અહેવાલ મુજબ સમાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાં સૌથી વધુ ૩૯ મી.મી. (લગભગ ૪૦ મી.મી.) વરસાદ નોંધાયો છે. ઉપરાંત વાંસજાળીયામાં ૩૫ મી.મી., જામવાડીમાં ૧૬ મી.મી., ધ્રાફામાં ૧૫ મી.મી., પરડવામાં ૧૫ મી.મી., નવાગામમાં ૧૦મી.મી. તથા શેઠ વડાળામાં ૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

મોસમના કુલ વરસાદની વાત કરીએ તો વાંસજાળીયામાં ૧૪૫ મી.મી., નવાગામમાં ૧૩૫મી.મી., સમાણામાં ૧૩૪મી.મી., જામવાડીમાં ૧૧૨ મી.મી., ધ્રાફામાં ૧૦૫ મી.મી. તેમજ પરડવામાં ૧૦૦ મી.મી. વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

જિલ્લામાં આજે સવારે આઠ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિગ્રી સેલ્સિયસ, મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને પવનની સરેરાશ ગતિ ૧૫.૯કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**વિવિધ કેટલોગ્સ ના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

ટેન્ડર નોટીસ નં. RJT-ADVT-26-04 તારીખ: ૦૧-૦૭-૨૦૨૬

રાજકોટ ડિવિઝન માટે નીચે જણાવેલ કેટલોગ્સ પર ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. જે IREPS વેબસાઈટ પર પહેલા થી પ્રકાશિત કરી દેવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

કેટલોગ નં. RJT-ADVT-26-05

| કોન્ટ્રાક્ટનો પ્રકાર | ઈ-હરાજીની તારીખ અને સમય: |
|---|---|
| રાજકોટ સ્ટેશન ખાતે પ્રધાન મંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો | ૨૧-૦૭-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે |

કેટલોગ નં. RJT-ADVT-26-04

| | |
|---|---|
| (૧) આરામ ખુરશી (પરચુરણ - સ્ટેટીક - સેવાઓ) (૨) જાહેરાત - હાર્ડિંગ્સ / સ્ટેશન પર (૩) પે એન્ડ યુઝ (રિટાયરીંગ રૂમ - જામનગર) (૪) પાર્કિંગ | ૨૧-૦૭-૨૦૨૬ ના ૧૦:૦૦ કલાકે |

**સમયગાળો: ૦૩/૦૫/૧૦ વર્ષ,** ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટની વિગતો (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ www.ireps.gov.in પર આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : રાજકોટ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે. RJT-067


અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## ધ સેમિકંડક્ટર હબ

### સેમિકંડક્ટર ઉદ્યોગ બન્યાં સાણંદની આગવી ઓળખ



## સેમિકંડક્ટર ક્ષેત્રે ગુજરાતે સર્જ્યો ઈતિહાસ



- સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે **₹1.24 લાખ કરોડ**નું રોકાણ આકર્ષિત કર્યું છે
- રાજ્યમાં **50,000**થી વધુ **પ્રત્યક્ષ** અને **પરોક્ષ** રોજગારીની તકો ઊભી થશે
- દેશમાં સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર પ્રથમ રાજ્ય બન્યું **ગુજરાત**
- **ધોલેરા SIR**માં 28 નેનોમીટરની ચિપ્સના ઉત્પાદનથી ભારતને નવી ઔદ્યોગિક ઓળખ મળશે
- ધોલેરા **'સેમિકંડક્ટર-રેડી'** સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત થશે
- IIT ગાંધીનગર ખાતે **₹194.21 કરોડ**ના ખર્ચે કાર્યરત **'SAMARTH'** પ્રોજેક્ટ હેઠળ આગામી **5 વર્ષમાં 2,600થી વધુ નિષ્ણાત એન્જિનિયરો** તૈયાર થશે

માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે; સાણંદ હવે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ નૂતન ભારતના **'સેમિકંડક્ટર સેક્ટર'**નો પર્યાય બનવા જઈ રહ્યું છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

સૌરાષ્ટ્ર આસપાસ

# સુશાસન અને સમૃદ્ધિ : ભારતની વિકાસગાથાનો નવો અધ્યાય

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં જ્યાં અનેક અર્થવ્યવસ્થાઓ મંદીના દબાણ સાથે સંઘર્ષ કરી રહી છે, ત્યાં ભારત એક સ્થિર અને આશાસ્પદ દ્વીપ જેવું દૃશ્ય પ્રસ્તુત કરે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓથી લઈને જાણીતા અર્થશાસ્ત્રીઓ સુધી, બધાની નજર ભારતીય અર્થતંત્રના સતત વધતા ગ્રાફ પર ટકેલી છે. ઉત્પાદન, ડિજિટલ ટેક્નોલોજી, લોજિસ્ટિક્સ અને નવીનીકરણીય ઊર્જા જેવા ક્ષેત્રોમાં થયેલા સીમાચિહ્નરૂપ સુધારાઓ આ વૃદ્ધિની કરોડરજ્જુ છે. દેશ હાલમાં વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ચૂક્યો છે, અને નિષ્ણાતોના મતે, સતત સુધારણાવાળી નીતિઓ અને યુવાન કાર્યબળની તાકાતને કારણે આવનારા વર્ષોમાં ભારત ત્રીજા સ્થાને પહોંચી શકે તેવી સંભાવના છે.કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનો ખરો ખ્યાલ તેના સ્થૂળ આર્થિક આંકડાઓ નહીં, પરંતુ તેની નીતિઓ સામાન્ય માણસના જીવનમાં કેટલો ઠોસ ફેરફાર લાવે છે તેના પરથી આવે છે. આ જ ધ્યેયને કેન્દ્રમાં રાખીને, ભારતમાં વિગતવાર વહીવટી સુધારાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જાહેર સેવાઓમાં ટેક્નોલોજીનું વ્યાપકીકરણ, નિર્ણય-પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારીની સંસ્કૃતિને મૂળમાં પ્રસ્થાપિત કરવાના પ્રયત્નોએ પ્રશાસનિક તંત્રને વધુ ચપળ બનાવ્યું છે. ડિજિટલ ઈન્ડિયાના વ્યાપક અમલીકરણથી લાભાર્થીઓને સીધું નાણાં ટ્રાન્સફર, ઓનલાઈન મંજૂરીઓ અને આધાર-આધારિત સેવાઓ સુલભ થઈ છે, જેનાથી સરકાર અને નાગરિક વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટ્યું છે.અર્થતંત્રને મજબૂત બનાવતા બીજા મહત્વના પાસા છે સંસ્થાકીય માળખામાં થયેલા ફેરફારો. વિશ્વના વિકસિત દેશોએ ફક્ત ઔદ્યોગિક ઉત્પાદનથી જ નહીં, પરંતુ સશક્ત કાયદાકીય ચોકઠું, ઝડપી અને સુલભ ન્યાયવ્યવસ્થા, અને કાર્યક્ષમ પ્રશાસનના કારણે લાંબા ગાળાની પ્રગતિ હાંસલ કરી છે. ભારત પણ હવે આ જ દિશામાં વેગપૂર્વક આગળ વધી રહ્યો છે. 'મેક ઇન ઇન્ડિયા', 'ગતિ શક્તિ' અને 'પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ' યોજનાઓ જેવી પહેલોએ ઉદ્યોગપતિઓનો વિશ્વાસ વધાર્યો છે અને વિદેશી રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું છે.



# ૧૨-હરભાઈ ત્રિવેદી : મોન્ટેસરી અને સ્વાધ્યાય પદ્ધતિનો પ્રયોગ

- શિક્ષણપ્રયોગ ભારતીય શિક્ષણ ઇતિહાસમાં નોંધપાત્ર બની ગયો.
- માતાના ગર્ભથી જ બાળકના ચિત્ત પર સંસ્કારો અને વાતાવરણની અસર પડે છે.
- બાળક નિર્ભય ન હોય તો તેનો સાચો વિકાસ શક્ય નથી.
- પરંપરાગત વર્ગપદ્ધતિને બદલે વિષયખંડો અથવા પ્રયોગમંદિરો બનાવવાની યોજના ઘડાઈ.

## ભાવનગર ૩૦૦

**- બળદેવસિંહ ગોહિલ**

ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં ચાલતા બાલમંદિરમાં મોન્ટેસોરી પદ્ધતિનો સતત વિકાસ થઈ રહ્યો હતો. ગિજુભાઈ બધેકા બાળકોના વ્યક્તિત્વ નિર્માણના કાર્યમાં સંપૂર્ણ તલ્લીન હતા. તેમના પ્રયોગોની સફળતાથી પ્રેરાઈ ભાવનગરના વાલીઓ પોતાના બાળકોને આ નવીન કેળવણીનો લાભ મળે તે માટે બાલમંદિરમાં દાખલ કરવા ઉત્સુક બન્યા. મોન્ટેસોરી પદ્ધતિનો પ્રભાવ ધીમે ધીમે સમગ્ર ગુજરાતમાં પ્રસરી રહ્યો હતો.

ગિજુભાઈ અને હરભાઈ પશ્ચિમના દેશોમાં ચાલી રહેલા મોન્ટેસોરી બાલમંદિરોનો અભ્યાસ કરવા આતુર હતા. હરભાઈ વિશેષ પ્રયોગશીલ હતા. તેઓ દરેક વિચારને પોતાના બાલમંદિરમાં અમલમાં મૂકી તેનું મૂલ્યાંકન કરતા. ગિજુભાઈ પણ આ પ્રયોગોમાં સહભાગી રહેતા. પ્રયોગો દરમિયાન ઊભી થતી મુશ્કેલીઓના ઉકેલ માટે બંને દિવસ-રાત પ્રયત્નશીલ રહેતા. દક્ષિણામૂર્તિના આંગણે ચાલતો આ શિક્ષણપ્રયોગ માત્ર ગુજરાત પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ ભારતીય શિક્ષણ ઈતિહાસમાં નોંધપાત્ર બની ગયો. શરૂઆતમાં ચાર-પાંચ વર્ષની ઉંમરના બાળકોને પ્રવેશ અપાતો, પરંતુ પછી અઢી વર્ષ સુધીના નાના બાળકોને પણ સામેલ કરવામાં આવ્યા. આથી સ્પષ્ટ થયું કે નાનાં બાળકોનું ચિત્ત પણ અત્યંત સંવેદનશીલ અને ઘડતરયોગ્ય હોય છે. ગિજુભાઈ આ વિચારને શિક્ષણની ફિલસૂફી તરીકે વિકસાવી રહ્યા હતા, જ્યારે હરભાઈ તેને માનસશાસ્ત્રીય આધાર આપી રહ્યા હતા. તેઓ બાળકના વર્તન, વિકાસ અને મનોદશાનો ઊંડો અભ્યાસ કરતા. માતાના ગર્ભથી જ બાળકના ચિત્ત પર સંસ્કારો અને વાતાવરણની અસર પડે છે, એવો વિચાર તેઓ શિક્ષકો અને વાલીઓ સુધી સફળતાપૂર્વક પહોંચાડતા. પરિણામે બાળકેન્દ્રિત શિક્ષણ અને બાલમનોવિજ્ઞાનને સમજનારો એક પ્રભાવશાળી વર્ગ ઉભો થયો.

મોન્ટેસોરી પદ્ધતિના બે મુખ્ય સિદ્ધાંતો સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્ણા હરભાઈના વિચારોના કેન્દ્રમાં હતા. પરંતુ તેઓ માત્ર સ્વાતંત્ર્ય પૂરતું માનતા નહોતા; તેઓ તેમાં જવાબદારી અને સહકારની ભાવના પણ જોડવા માંગતા હતા. બાળક માત્ર વ્યક્તિ તરીકે નહી, પરંતુ સમાજના જવાબદાર અંગ તરીકે વિકસે તે જરૂરી છે, એવો તેમનો મત હતો. આ વિચારોથી પ્રેરાઈ હરભાઈએ વિનય મંદિરમાં વિદ્યાર્થીઓને જવાબદારીઓ સોંપવાના પ્રયોગો શરૂ કર્યા. જોકે એક મુશ્કેલી હતી બધા વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય આપી શકાય, પરંતુ જવાબદારી થોડાકને જ સોંપી શકાય. સમૂહશિક્ષણમાં વ્યક્તિગત બેદરકારી પણ વધતી હતી. તેથી શિક્ષણમાં સ્વાતંત્ર્ય અને શિસ્ત વચ્ચે સંતુલન સાધવાની જરૂરિયાત હરભાઈને સતત અનુભવાતી. તે સમયના શિક્ષણક્ષેત્રમાં ભય અને શિસ્તનું પ્રભુત્વ હતું. શાળાઓમાં કડક નિયમો, મૌન અને સજાની પદ્ધતિ સામાન્ય હતી. આવા સમયમાં હરભાઈએ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો આદર, નિર્ભયતા અને સ્વતંત્ર વિકાસને મહત્વ આપ્યું. તેઓ માનતા હતા કે બાળક નિર્ભય ન હોય તો તેનો સાચો વિકાસ શક્ય નથી.ઈ.સ. ૧૯૨૪ આસપાસ હરભાઈએ ઈંગ્લેન્ડના "એજ્યુકેશનલ સપ્લિમેન્ટ"માં અમેરિકાના એક શિક્ષણપ્રયોગ વિષે વાંચ્યું. વધુ માહિતી મેળવતાં તેમને ખબર પડી કે અમેરિકન શિક્ષણવિદ્ મિસ પાર્કહર્સ્ટે મોન્ટેસોરીના સિદ્ધાંતો પરથી "ડોલ્ટન પ્લાન" વિકસાવ્યો હતો. તેમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય દ્વારા અભ્યાસ કરવાની સ્વતંત્રતા આપવામાં આવતી હતી. હરભાઈએ આ યોજનાનો ઊંડો અભ્યાસ કરીને તેને વિનય મંદિરમાં અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. લગભગ છ મહિના સુધી શિક્ષકો સાથે ચર્ચા કરીને આયોજન તૈયાર થયું. પરંપરાગત વર્ગપદ્ધતિને બદલે વિષયખંડો અથવા પ્રયોગમંદિરો બનાવવાની યોજના ઘડાઈ. તેમાં જુદા જુદા ધોરણના વિદ્યાર્થીઓ એક જ વિષયખંડમાં પોતાની ક્ષમતા પ્રમાણે કાર્ય કરી શકતા. ડોલ્ટન પ્લાનનું સૌથી મહત્વનું અંગ હતું સમયતાસ અને ઘંટની નાબૂદી. વિદ્યાર્થીઓ પોતાની ગતિ, રુચિ અને ક્ષમતા પ્રમાણે અભ્યાસ કરતા. આથી સમયપત્રકની બાંધછોડ ઓછી થઈ અને શિક્ષણ વધુ જીવંત બન્યું. શરૂઆતમાં ગુજરાતી અને ગણિત વિષયોમાં સ્વાધ્યાય પદ્ધતિ શરૂ કરવામાં આવી. હરભાઈએ ગુજરાતી વિભાગની જવાબદારી જાતે સંભાળી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેમાં આ પ્રયોગ પ્રત્યે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો. ઘણા વિદ્યાર્થીઓ સાંજ સુધી પ્રયોગમંદિરમાં રહી અભ્યાસ કરતા. શિક્ષકોનું કાર્ય પણ માત્ર ભણાવવાનું ન રહી માર્ગદર્શન અને સહયોગ આપવાનું બની ગયું. આથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, પરિશ્રમ, સહકાર અને સર્જનશક્તિનો વિકાસ થવા લાગ્યો. થોડા સમયમાં તમામ વિષયોના શિક્ષકો આ પદ્ધતિ તરફ આકર્ષાયા. તેમણે પોતાના વિષયોના સ્વાધ્યાય તૈયાર કર્યા. વેકેશન દરમિયાન પણ શિક્ષકો સ્વાધ્યાય, મૂલ્યાંકન પદ્ધતિ અને પ્રયોગમંદિરોના વિકાસમાં વ્યસ્ત રહેતા. આ રીતે ભારતનો પ્રથમ સફળ ડોલ્ટન પ્લાન પ્રયોગ દક્ષિણામૂર્તિમાં વિકસ્યો.હરભાઈએ સ્વાધ્યાય પદ્ધતિને ભારતીય પરિસ્થિતિ પ્રમાણે ઢાળી. સમગ્ર અભ્યાસક્રમને અઠવાડિયાવાર એકમોમાં વહેંચવામાં આવતો. દરેક એકમ માટે સમય નક્કી થતો. વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની છૂટ હતી, પરંતુ તેમની પ્રગતિની નોંધ પણ રાખવામાં આવતી. મૂલ્યાંકન માટે વિવિધ પ્રકારના ગ્રાફ, કાર્ડ અને આંકડાકીય નોંધો તૈયાર કરવામાં આવતી. દરેક વિદ્યાર્થીની પ્રગતિ, સમય અને કાર્યક્ષમતાનું નિયમિત મૂલ્યાંકન થતું. આથી શિક્ષકોને સમજ પડતી કે કયો સ્વાધ્યાય સરળ છે, કયો અઘરો છે અને ક્યાં સુધારાની જરૂર છે. શરૂઆતમાં આ કાર્ય શિક્ષકોને ભારરૂપ લાગ્યું, પરંતુ પછી તેઓ સમજ્યા કે આ પદ્ધતિ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપયોગી છે. સ્વાધ્યાય તૈયાર કરવું પણ એક સર્જનાત્મક પ્રક્રિયા હતી. દરેક સ્વાધ્યાયમાં પૂર્વજ્ઞાન સાથેનો સંબંધ, માર્ગદર્શક પ્રશ્નો અને રસપ્રદ પ્રવૃત્તિઓ સામેલ કરવામાં આવતી. બુલેટિન બોર્ડ, નકશા, આલેખો અને પુસ્તકો જેવી અભ્યાસસામગ્રી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી. આથી શિક્ષણ વધુ જીવંત અને સ્વપ્રેરિત બન્યું.હરભાઈના પ્રયોગની ચર્ચા સમગ્ર ગુજરાતમાં થવા લાગી. કેટલાક લોકોએ તેની ટીકા કરી કે આ પદ્ધતિથી શિસ્ત અને ગુરુ-શિષ્ય પરંપરા નષ્ટ થશે. પરંતુ ઘણા શિક્ષણવિદોએ તેને ક્રાંતિકારી અને ઉપયોગી ગણાવ્યો. વડોદરાની મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલની અમેરિકન મહિલા મિસ નીડહામ પણ હરભાઈના પ્રયોગથી પ્રભાવિત થયા હતા. દક્ષિણામૂર્તિમાં નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ અને હરભાઈ ત્રણે મહાન શિક્ષણકારો સાથે કાર્ય કરતા હતા. છતાં તેમની કાર્યપદ્ધતિ અલગ હતી. નાનાભાઈ શિસ્ત અને નિયંત્રણમાં માનતા, જ્યારે હરભાઈ સ્વાતંત્ર્ય અને જવાબદારીને મહત્વ આપતા. પરિણામે કેટલાક મતભેદો ઊભા થયા. નાનાભાઈને ભય હતો કે વધુ સ્વાતંત્ર્યથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઢીલા પડશે. એક સમયે નાનાભાઈએ સ્વાધ્યાય પ્રયોગને નિયંત્રિત કરવાની જરૂર જણાવી. હરભાઈએ પ્રયોગની જવાબદારી તેમને સોંપી. થોડા સમય માટે ફરી શિક્ષકકેન્દ્રિત પદ્ધતિ શરૂ થઈ, પરંતુ ટૂંક સમયમાં જ નાનાભાઈને સમજાયું કે હરભાઈનો પ્રયોગ વૈજ્ઞાનિક અને સફળ હતો. ત્યારબાદ તેમણે કદી આ પ્રયોગમાં દખલગીરી કરી નહી.દક્ષિણામૂર્તિ બંધ થયા પછી પણ હરભાઈએ ઘરશાળામાં આ પદ્ધતિ ચાલુ રાખી. તેમણે ડોલ્ટન પ્લાનને ભારતીય જરૂરિયાતો અનુસાર ઢાળીને નવી દિશા આપી. આ કારણે તેઓ ભારતમાં "ડોલ્ટન પ્લાનના મશાલચી" તરીકે ઓળખાયા.આ રીતે હરભાઈ, ગિજુભાઈ અને નાનાભાઈએ શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક પૂરતું ન રાખી, પરંતુ બાળકના વ્યક્તિત્વ, સ્વાતંત્ર્ય, જવાબદારી અને સર્જનાત્મકતાના વિકાસ સાથે જોડ્યું. દક્ષિણામૂર્તિનો આ પ્રયોગ ભારતીય શિક્ષણ ઈતિહાસમાં એક અનોખું અને પ્રેરણાદાયક પ્રકરણ બની રહ્યો છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારી ચંદ્ર રાશિના બારમા ભાવમાં શનિદેવ બિરાજમાન હશે અને આવી સ્થિતિમાં, આ સપ્તાહ દરમિયાન તમારે તમારી થાળીમાં લીલા પાંદડાવાળા શાકભાજીનો સમાવેશ કરવાની જરૂર પડશે. આ માટે તમે કાકડી અથવા સલાડથી શરૂઆત કરી શકો છો. સાથે જ દિવસમાં ઓછામાં ઓછું એક સફરજન અથવા અન્ય કોઈ ફળનું સેવન જરૂર કરો, કારણ કે આનાથી જ તમે તમારી જાતને ઘણી નાની-મોટી બીમારીઓથી દૂર રાખવામાં સફળ રહેશો. ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં બેઠા હશે અને તેના પરિણામે, તમારા કોઈ જૂના રોકાણ જેમ કે પૈતૃક સંપત્તિ, જમીન, પ્રોપર્ટી, પોલિસી વગેરેના કારણે આ સપ્તાહમાં તમારી આવકમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં તમે તે ધન પ્રાપ્ત કરીને, તેને ફરીથી કોઈ સારી યોજનામાં રોકાણ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. આ સપ્તાહે ઘણા ગ્રહોનું ગોચર થવાથી તમારા પારિવારિક જીવનમાં ખુશીઓ પાછી આવશે. જો કે તે પહેલાં તમારા પરિવારમાં સભ્યોની સંખ્યામાં વધારો થવાની પણ સંભાવના રહેશે. આ વધારો કોઈ વ્યક્તિના લગ્ન અથવા કોઈ બાળકના જન્મના કારણે સંભવ છે. તેથી આ ખુશીઓને પરિવાર સાથે મળીને ઉજવો. કાર્યક્ષેત્રમાં દરેક કાર્ય અને લક્ષ્યોની પ્રાપ્તિ માટે, તમારા દ્વારા બનાવવામાં આવેલી ભૂતકાળની દરેક રણનીતિ અને યોજનામાં ઓફિસની કોઈ વ્યક્તિ અડચણ ઊભી કરી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)**ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં ઉપસ્થિત હશે અને તેના પરિણામે, આ સપ્તાહે તમારા મનમાં નકારાત્મક વિચારો હાવી રહેશે. જેના કારણે જો તમારી સાથે કંઈક સારું પણ થશે, તો પણ તમે તેને નકારાત્મક દ્રષ્ટિથી જ જોતા નજરે પડશો. આના પરિણામે, તમે તમારી જાતને ઘણા સારા અને લાભદાયી અવસરોથી વંચિત રાખી શકો છો. તેથી તમારા આ સ્વભાવમાં સુધારો કરો. આ માટે તમે યોગ અને ધ્યાનનો સહારો પણ લઈ શકો છો. આ સપ્તાહે વેપારી જાતકોએ ધ્યાન રાખવું પડશે કે, જે લોકો તમારી પાસે ઉધાર માંગવા આવે તેમને નજરઅંદાજ જ કરો. કારણ કે જો તમે ઉધાર આપતા રહેશો તો, તમને ટૂંક સમયમાં જ ધનની અછત વર્તાવવા લાગશે, જેનાથી તમે ઘણા સારા અવસરોનો લાભ ઉઠાવવાથી વંચિત રહી શકો છો. આ સપ્તાહે તમને તમારા પિતાજી અથવા તમારા મોટા ભાઈ સાથે સારા સંબંધો સ્થાપિત કરવાના ઘણા અવસરો મળવાની સંભાવના છે. આ દરમિયાન તમારા માટે પણ એ જરૂરી છે કે તમે તેમનું સન્માન કરો અને તેમની વાતો તથા સલાહને યોગ્ય મહત્વ આપીને ઘરની પરિસ્થિતિઓને વધુ સારી બનાવો. આપણે ઘણીવાર આપણી મહેનત કરતાં ભાગ્ય પર વધુ નિર્ભર થઈને, વસ્તુઓ આપમેળે થવાની રાહ જોવા લાગીએ છીએ. જો કે આ સપ્તાહે તમારે આવું કરવા કે વિચારવાથી બચવું પડશે. તેથી જો કરિયરમાં સિદ્ધિ મેળવવા ઈચ્છતા હોવ તો ભાગ્યના ભરોસે બેસી ન રહેતા, બહાર નીકળો અને નવી તકોની શોધ કરો.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ સપ્તાહે તમે તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડી સુકૂનભરી પળો કાઢીને, પોતાની જાતને પૂરતો સમય આપી શકશો. આવી સ્થિતિમાં આ સારી તકનો લાભ ઉઠાવો અને સારા સ્વાસ્થ્ય માટે દરરોજ પગપાળા જ ચાલવા (મૉર્નિંગ વોક પર) જાઓ. આ દરમિયાન તમારે ચપ્પલને બદલે પગમાં રનિંગ શૂઝ (દોડવાના જૂતા) પહેરવાની જરૂર રહેશે. આ સપ્તાહ દરમિયાન કોઈ પણ આર્થિક નિર્ણય લેવામાં તમને ભૂતકાળમાં જે પરેશાની આવી રહી હતી, તે આ સમયે સંપૂર્ણપણે દૂર થવાની સંભાવના છે. જેની મદદથી તમે રોકાણ સંબંધિત કોઈ પણ નિર્ણય લેવામાં સક્ષમ બનશો અને સંભવ છે કે આનાથી તમને ધનલાભ પણ થશે. ઘરના કોઈ વડીલ જે સ્વાસ્થ્ય બગડવાને કારણે લાંબા સમયથી પરેશાન હતા, તેમના માટે આ સપ્તાહ વિશેષ ઉત્તમ રહેવાનું છે. કારણ કે સંભવ છે કે તેમને સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ગંભીર સમસ્યામાંથી લાંબા સમય પછી મુક્તિ મળી શકશે. આનાથી ઘર-પરિવારનું વાતાવરણ પણ વધુ સારું બનશે. સાથે જ ઘરના સભ્યો એકસાથે બેસીને રાત્રિના ભોજનની મજા માણતા અને જૂની સુંદર યાદોને તાજી કરતા જોવા મળશે.

**કર્ક - (ડ, હ) :-** બૃહસ્પતિ દેવ (ગુરુ) તમારી ચંદ્ર રાશિના પહેલા/લગ્ન ભાવમાં હાજર હશે અને આવી સ્થિતિમાં, આ સપ્તાહે તમે એ વાતને સારી રીતે સમજી શકશો કે જો તમે યોગને તમારી દિનચર્યામાં સામેલ કરો છો, તો તમારી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થઈ જશે. કારણ કે આ સપ્તાહ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તમને આત્મચિંતન કરવાની ઘણી તકો આપશે. આ સપ્તાહે શનિદેવ તમારા નવમા ભાવમાં બેઠા હોવાને કારણે તમને અચાનક ધન લાભ થશે. જેનાથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત બનાવવામાં સફળ રહેશો અને તેના પરિણામે તમે તમારા ઘરના કોઈ સભ્યની આર્થિક મદદ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. તમે અવારનવાર તમારી ક્ષમતા કરતાં વધુ વચન બીજા લોકોને આપી બેસો છો, જેનાથી તમે ન ઈચ્છવા છતાં પણ તમારી જાતને મુશ્કેલીમાં મૂકી દો છો. પરંતુ આ સપ્તાહે તમારે એવું કરવાથી બચવું પડશે, અન્યથા તમે તમારી વિશ્વસનીયતા ગુમાવી શકો છો. તેથી માત્ર એ જ કામનું વચન આપો, જેને પૂરું કરવાની તમારી ક્ષમતા હોય. કરિયર રાશિફળના સંકેત મુજબ, જો તમે વ્યાવસાયિક ક્ષેત્ર (પ્રોફેશનલ ફિલ્ડ) સાથે જોડાયેલા છો અને કોઈ સારી નોકરીમાં કાર્યરત છો, તો આ સપ્તાહ તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેવાનું છે.

**સિંહ - (મ, ટ) :-** તમે હંમેશાં તમારી સુખ-સુવિધાઓ પૂરી કરવા માટે દરેક સંભવ પ્રયાસ કરતા જોવા મળો છો અને આ સપ્તાહે તમારું આ વલણ તમારા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થવાની આશંકા રહેશે. કારણ કે આ દરમિયાન તમારું મનમોજી વર્તન સ્વાસ્થ્ય માટે પરેશાની તો ઊભી કરશે જ, સાથે જ તમારા અંગત જીવનને પણ કષ્ટદાયક બનાવી શકે છે. આ સપ્તાહે તમારી લગન અને મહેનત પર લોકો ધ્યાન આપશે અને તેના કારણે જ તમને થોડો આર્થિક લાભ મળવાની સંભાવના બનશે, કારણ કે શનિ ગ્રહ તમારી ચંદ્ર રાશિના આઠમા ભાવમાં બિરાજમાન હશે. જો કે આ દરમિયાન એવી સંભાવના વધારે છે કે તમારા જીવનસાથી તમને આર્થિક મદદ કરીને કોઈ મુશ્કેલીમાંથી બહાર નીકળવામાં તમારી મદદ કરે. આ સપ્તાહે ઘરના સભ્યો સાથે બહાર જમવા જવું કે ફિલ્મ જોવી તમને સુકૂન આપશે અને ખુશમિજાજ રાખશે. સાથે જ તમે જેમને પ્રેમ કરો છો, તેમની સાથે આ દરમિયાન ભેટ-સોગાદોની લેવડદેવડ કરવા માટે પણ આ સપ્તાહ વિશેષ સારું રહેવાનું છે.

**કન્યા - (પ, ઠ, ણ) :-**રાહુ દેવ તમારી ચંદ્ર રાશિના છઠ્ઠા ભાવમાં ઉપસ્થિત હશે અને આવી સ્થિતિમાં, આ સપ્તાહે તમે એ વાતને સારી રીતે સમજી શકશો કે જો તમે યોગને તમારી દિનચર્યામાં સામેલ કરો છો, તો તમારી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થઈ જશે. કારણ કે આ સપ્તાહ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તમને આત્મચિંતન કરવાની ઘણી તકો આપશે. ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ સપ્તાહના બીજા ભાગમાં તમને આર્થિક રીતે કોઈ મોટો ફાયદો થશે. જેના કારણે તમે નવું ઘર કે વાહન ખરીદવાનું પ્લાનિંગ કરી શકો છો. નવી વસ્તુઓની ખરીદીથી ઘરના સભ્યો તમારાથી ખૂબ જ ખુશ જોવા મળશે. તમારી અસ્વચ્છ (બેદરકાર) જીવનશૈલી આ સપ્તાહે ઘરના લોકોને અણગમતી લાગી શકે છે. આ કારણે પારિવારિક વાતાવરણમાં તણાવ પેદા થશે. તેથી તમારા માટે વધુ સારું એ જ રહેશે કે તમે તમારી આ આદતમાં જરૂરી ફેરફારો લાવો અને તમારી શારીરિક સાફ-સફાઈનું ધ્યાન રાખો. આ રાશિના જે જાતકો ભાગીદારીમાં (પાર્ટનરશિપમાં) વ્યવસાય કરે છે, તેમને આ દરમિયાન ભૂતકાળના દરેક પ્રકારના નુકસાનમાંથી બહાર આવવામાં મદદ મળશે.

**તુલા - (ર, ત) :-** તમે હંમેશાં તમારી સુખ-સુવિધાઓ પૂરી કરવા માટે દરેક સંભવ પ્રયાસ કરતા જોવા મળો છો અને આ સપ્તાહે તમારું આ વલણ તમારા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થવાની આશંકા રહેશે. કારણ કે આ દરમિયાન તમારું મનમોજી વર્તન સ્વાસ્થ્ય માટે પરેશાની તો ઊભી કરશે જ, સાથે જ તમારા અંગત જીવનને પણ કષ્ટદાયક બનાવી શકે છે. આ સપ્તાહે શનિ મહારાજ તમારા છઠ્ઠા ભાવમાં હાજર હોવાને કારણે તમારામાં સર્જનાત્મક (ક્રિએટિવ) વિચારોનો વધારો થશે, જેનાથી તમે પૈસા કમાવવાની ઘણી નવી તકો શોધીને સારો નફો કમાઈ શકશો. જો કે આ દરમિયાન કોઈ પણ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) પર હસ્તાક્ષર કરતા પહેલાં, તેને શાંતિપૂર્વક અને આરામથી વાંચી લેવાની સલાહ પણ તમને આપવામાં આવે છે. આ સપ્તાહે પરિવારનો કોઈ સભ્ય તમને થોડો વધારે તણાવ આપી શકે છે. આવી સ્થિતિમાં તેમની સાથે વિવાદ કરવાને બદલે, પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તેની એક મર્યાદા (સીમા) નક્કી કરવી જ તમારા માટે એકમાત્ર અને શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ સપ્તાહ તમારા માટે ભાગદોડથી ભરેલું રહેશે, જેના કારણે તમે ચીડચીડા (તુનકમિઝાજ) બની શકો છો. આ કારણથી તમારા સ્વભાવમાં આક્રમકતા જોવા મળશે અને તમે કોઈની પણ સાથે સીધી રીતે વાત કરવામાં પોતાની જાતને બિલકુલ અસમર્થ અનુભવશો. ગુરુ દેવ તમારી ચંદ્ર રાશિના નવમા ભાવમાં બેઠા હોવાને કારણે આ સપ્તાહે તમારી કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં આવશે, જે તમને સારો અને નવો આર્થિક નફો કરાવશે. આવી સ્થિતિમાં તમને તમારું ધન એકઠું (બચત) કરવામાં મદદ મળશે અને તમે તમારા ભવિષ્ય માટે તેમાંથી કંઈક ધન બેંક બેલેન્સ તરીકે જોડી શકો છો. આ સપ્તાહે ઘરના કોઈ સભ્યની ધૂમ્રપાનની ખરાબ આદત તમને પરેશાન કરશે, જેના કારણે આશંકા છે કે તમારો તેમની સાથે કોઈ મોટો વિવાદ કે ઝઘડો થાય. આવી સ્થિતિમાં ગુસ્સામાં આવીને ભાન ગુમાવવાને બદલે, તેમને પ્રેમથી અને યોગ્ય રીતે સમજાવવાનો પ્રયાસ કરો. જો તમે નોકરી કરો છો, તો આ સપ્તાહે તમારે કાર્યક્ષમતા/કાર્યક્ષેત્ર પર ખૂબ જ વિચારીને ચાલવાની જરૂર છે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સપ્તાહે તમારું સ્વાસ્થ્ય જીવન ઘણું ઉત્તમ રહેવાની અપેક્ષા છે, કારણ કે તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં રાહુ દેવ બિરાજમાન હશે. આ દરમિયાન તમે એવા લોકો સાથે વધારે ભળવાનું પસંદ નહીં કરો જેઓ તમને નકામી ચિંતા આપે છે. જેના કારણે તમારું માનસિક સ્વાસ્થ્ય પણ ઘણું સારું રહેશે. આર્થિક બાબતોની દ્રષ્ટિએ આ રાશિના જાતકો માટે આ સપ્તાહ ઘણું સારું રહેવાની સંભાવના છે, કારણ કે આ દરમિયાન ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના આઠમા ભાવમાં બેઠા હશે. વળી, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમારી આવક વધારવા અને તમારા સંચિત ધન (બચત) માં ઉમેરો કરવા માટે તમને અનેક તકો પ્રદાન કરવાનું કામ કરશે. આ સપ્તાહે તમને તમારા પારિવારિક જીવનમાં દરેક પ્રકારના ઉતાર-ચઢાવમાંથી સંપૂર્ણપણે મુક્તિ મળી શકશે, જેનાથી ઘર-પરિવારમાં સકારાત્મક વાતાવરણ જોવા મળશે. વિશેષ કરીને જો તમારા પિતાજીને સ્વાસ્થ્ય સંબંધી તકલીફ હતી, તો તેમાં સુધારો થવાના યોગ બનશે. તેના પરિણામે, તમને તેમની સાથે સમય વિતાવવાની અને તેમનો સહયોગ મેળવવાની તક મળશે. આ સપ્તાહે તમે તમારા દ્વારા ભૂતકાળમાં કરાયેલા રોકાણોને મજબૂત કરવા અને તમારા આવનારા ભવિષ્ય માટે યોગ્ય યોજના તથા રણનીતિ બનાવવામાં પ્રયાસ કરતા જોવા મળશો.

**મકર - (ખ, જ) :-**માનસિક શાંતિ માટે તણાવના કારણોનો ઉકેલ લાવો. કારણ કે આનાથી જ તમે તમારી જાતને સ્વસ્થ રાખતાં ઊર્જાવાન બનાવવામાં સફળ રહેશો. આ ઊર્જાની તમને આ સપ્તાહે સૌથી વધુ જરૂર પડવાની છે, કારણ કે ગુરુ દેવ તમારી ચંદ્ર રાશિના સાતમા ભાવમાં ઉપસ્થિત હશે. આ સપ્તાહે ચોક્કસપણે તમારી પ્રતિકૂળ આર્થિક સ્થિતિમાં સુધારો થવાના યોગ બનશે. પરંતુ આ દરમિયાન તમે એવા ખર્ચ પણ કરી શકશો, જે કરવામાં તમે ભૂતકાળમાં અસમર્થ હતા. આનાથી તમારા ખર્ચાઓમાં પણ વધારો થવાની આશંકા રહેશે. આવી સ્થિતિમાં ધન પ્રત્યે સહેજ પણ બેદરકારી તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ સપ્તાહની શરૂઆતથી અંત સુધી તમે તમારા ઉત્તમ પારિવારિક જીવનનો આનંદ માણશો. આનાથી તમને સુખ-શાંતિ પૂર્વક તમારું જીવન વિતાવવામાં મદદ મળશે. ઘરના નાના સભ્યો તમારાથી પ્રભાવિત થશે, સાથે જ મોટા સભ્યો વચ્ચે પણ તમે આ સમયે તમારી સારી છબી સ્થાપિત કરવામાં સફળ રહેશો. જેના કારણે તમને ઘણી હદ સુધી તમારા માનસિક તણાવમાંથી હંમેશા માટે છુટકારો મળી શકશે. બધી પરિસ્થિતિઓ હંમેશાં આપણી ઈચ્છા અનુસાર જ કામ કરે તે જરૂરી નથી હોતું, અને બરાબર એવું જ આ સપ્તાહે તમને પણ અનુભવાશે, જ્યારે તમારી દરેક રણનીતિ અને યોજના નિષ્ફળ થતી જોવા મળશે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-**આ સપ્તાહે તમે તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડી સુકૂનભરી પળો કાઢીને, પોતાની જાતને પૂરતો સમય આપી શકશો. આવી સ્થિતિમાં આ સારી તકનો લાભ ઉઠાવો અને સારા સ્વાસ્થ્ય માટે દરરોજ પગપાળા જ ચાલવા (મૉર્નિંગ વોક પર) જાઓ. આ દરમિયાન તમારે ચપ્પલને બદલે પગમાં રનિંગ શૂઝ (દોડવાના જૂતા) પહેરવાની જરૂર રહેશે. આ સપ્તાહે શનિદેવ તમારી ચંદ્ર રાશિના બીજા ભાવમાં ઉપસ્થિત હશે અને આવી સ્થિતિમાં, તમને આર્થિક જીવનમાં ભાગ્યનો સાથ તો મળશે, પરંતુ આ દરમિયાન જો તમારે કોઈ પણ રોકાણ કરવું હોય તો પહેલાં વાસ્તવિકતાઓનું આકલન કરી લો અને ત્યાર પછી જ રોકાણ કરો. અન્યથા તમારું ધન અટવાઈ શકે છે. આ સપ્તાહે પરિવારના સભ્યોનું તમારા જીવનમાં વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેમના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં તેમની સાથે સલાહ-મશવરો કરતા જોવા મળશો. સાથે જ તમારામાંથી કેટલાક જાતકો ઘરેણાં અથવા ઘરવખરીના સામાનની ખરીદી પણ કરી શકે છે. આ રાશિના જે લોકો પહેલાથી જ વિદેશી કંપનીમાં કાર્યરત છે, તેમને આ સપ્તાહે કોઈ મોટી પ્રમોશન (પદોન્નતિ) અથવા લાભ મળવાની પ્રબળ સંભાવના દેખાઈ રહી છે. જેના કારણે કાર્યસ્થળ પર તમારા વરિષ્ઠ અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે અને તમારા સહકર્મીઓ પણ આ દરમિયાન તમને પૂરો સાથ આપતા જોવા મળશે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** જો તમે કોઈ મોટી બીમારીથી પીડિત હતા તો, આ સપ્તાહે ડોક્ટરની મહેનત અને તમારા ઘરના સભ્યોની યોગ્ય સંભાળ તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવશે. આ કારણે તમે તમારી આ બીમારીમાંથી હંમેશને માટે મુક્તિ મેળવી શકશો. આ સપ્તાહે અચાનક ધન પ્રાપ્ત થવાથી તમે થોડા મૂંઝવણમાં અથવા ઉત્સાહમાં આવી શકો છો. જેના કારણે તમે રોકાણ અને ખર્ચ સાથે જોડાયેલા દરેક નિર્ણયો ઉતાવળમાં લેતા જોવા મળશો. આવી સ્થિતિમાં તમારી આ આદતમાં સુધારો કરો, અને ખાસ કરીને મહત્વના આર્થિક સોદાઓ કરતી વખતે અથવા મોલભાવ (સોદાબાજી) કરતી વખતે કોઈ વડીલની સલાહ ચોક્કસ લો. સાપ્તાહિક રાશિફળ મુજબ, તમારી રાશિના પાંચમા ભાવમાં ગુરુ દેવ બિરાજમાન હશે અને આવી સ્થિતિમાં, આ અઠવાડિયે તમને તમારા પારિવારિક જીવનમાં અપાર સુખ મળવાના યોગ બનશે. આ સમયે તમે પરિવારના સભ્યો વચ્ચે ભૂતકાળના તમામ પ્રકારના મતભેદોને પણ દૂર કરવામાં સફળ રહેશો. આનાથી તમારા માતા-પિતાને તમારા પર ગર્વની અનુભૂતિ થશે. આ સપ્તાહે કાર્યક્ષેત્ર પર તમારો મોભો અને રૂઆબ સ્પષ્ટપણે જોવા મળશે, જેના કારણે ઓફિસમાં તમારા દુશ્મનો પણ તમારા મિત્રો બની જશે. કારણ કે તમારા માત્ર એક નાના અને સારા કામના લીધે તમને કોઈ મોટી પ્રગતિ (પ્રમોશન) મળી શકે છે, જેની ચર્ચા દરેક વ્યક્તિ કરશે.

# ગરમી માત્ર યુરોપ અને અમેરિકાને નહી, વિશ્વના મોટા ભાગના દેશોને દઝાડશે

## યુરોપ અને અમેરિકા જેવા પ્રદેશોમાં પડેલી કાળઝાળ ગરમી વિશ્વ માટે ખતરાની ઘંટડી સમાન ગણી શકાય. હજુ પણ માનવજાત જાગૃત નહી થાય તો વિશ્વના મોટા ભાગના દેશો ગરમીથી શેકાશે તેમાં કોઈ શંકા નથી

છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક આબોહવા પરિવર્તનના કારણે સમગ્ર વિશ્વમાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. ખાસ કરીને યુરોપ અને અમેરિકા જેવા પશ્ચિમી દેશો, જે સામાન્ય રીતે ઠંડી અથવા ખુશનુમા આબોહવા માટે જાણીતા છે, તેઓ અત્યારે રેકોર્ડબ્રેક હીટવેવનો સામનો કરી રહ્યા છે. લંડન, પેરિસ, ન્યૂયોર્ક અને કેલિફોર્નિયા જેવા શહેરોમાં તાપમાન ૪૦ઞ થી ૪૫ઞ ને પાર પહોંચી રહ્યું છે, જે એક ગંભીર ચિંતાનો વિષય છે.



યુરોપ અને અમેરિકામાં આકરી ગરમી પડવા પાછળ કોઈ એક પરિબળ નથી, પરંતુ પ્રકૃતિ સાથેની છેડછાડ અને ભૌગોલિક ફેરફારો જવાબદાર છે.ઔદ્યોગિક ક્રાંતિ પછી ફેક્ટરીઓ અને વાહનોમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઈડ અને મિથેન જેવા વાયુઓએ પૃથ્વીની આસપાસ એક એવું આવરણ બનાવી દીધું છે, જે સૂર્યની ગરમીને બહાર જવા દેતું નથી. મોટા શહેરોમાં બનેલા કોંક્રીટના મકાનો, ડામરના રસ્તા અને વૃક્ષોની અછત ગરમીને શોષી લે છે. આ કારણે ગ્રામીણ

**[ વાત અને વિચાર ]**

વિસ્તારો કરતાં શહેરો રાત્રે પણ ઠંડા થતા નથી.ગરમ અને ઠંડી હવાને નિયંત્રિત કરતી પવનની કડીઓ નબળી પડવાને કારણે પશ્ચિમી દેશોમાં ગરમ હવા એક જ જગ્યાએ લાંબો સમય સુધી સ્થિર થઈ જાય છે, જેને 'હીટ ડોમ' કહેવાય છે. અમેરિકાના કેલિફોર્નિયા અને યુરોપના ગ્રીસ કે સ્પેન જેવા દેશોમાં ઉનાળામાં લાગતી ભયાનક આગ વાતાવરણને વધુ ગરમ બનાવે છે.

આ દેશોની ભૌગોલિક રચના અને જીવનશૈલી ગરમીનો સામનો કરવા માટે બનેલી નથી. મોટાભાગના યુરોપિયન ઘરોમાં એર કંડિશનર હોતા નથી, જેના કારણે હીટ સ્ટ્રોકથી હજારો લોકોના મોત થાય છે. નદીઓ સુકાઈ જવાથી પાણીની કટોકટી અને વીજળીનો વપરાશ વધવાથી પાવર ગ્રીડ ફેલ થવાના કિસ્સાઓ પણ વધી રહ્યા છે.આ વૈશ્વિક સંકટમાંથી બચવા માટે તાત્કાલિક અને લાંબાગાળાના પગલાં લેવા અનિવાર્ય છે.આ પગલાંઓમાં

કોલસો અને પેટ્રોલિયમ જેવા અશ્મિભૂત ઈંધણનો વપરાશ ઘટાડીને સૌર ઊર્જા, પવન ઊર્જા અને ઈલેક્ટ્રિક વાહનો તરફ વળવું જોઈએ. શહેરોમાં મોટા પાયે વૃક્ષારોપણ કરવું જરૂરી છે. 'મીયાવુકી' પદ્ધતિથી શહેરોની વચ્ચે નાના જંગલો ઉગાડીને તાપમાન ૨ઞ થી ૩ઞ સુધી નીચું લાવી શકાય છે.આ ઉપરાંત મકાનોની છત પર સફેદ રંગ અથવા ગરમીને પરાવર્તિત કરે તેવા મટીરિયલનો ઉપયોગ કરવો જોઈએ, જેથી ઘરો અંદરથી ઠંડા રહે. વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને જળાશયોને પુનર્જીવિત કરવા, જેથી ભૂગર્ભ જળનું સ્તર જળવાઈ રહે અને આસપાસનું વાતાવરણ ઠંડું રહે.

ગરમીની અસરોને ખાળવા માટે પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટ જેવા આંતરરાષ્ટ્રીય કરારોનું ચુસ્તપણે પાલન કરી કાર્બન ઉત્સર્જન શૂન્ય કરવા પર ભાર મૂકવો પડશે.

યુરોપ અને અમેરિકાની આ સ્થિતિ માત્ર તેમના પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર પૃથ્વી માટે એક ચેતવણી સમાન છે. જો હજુ પણ માનવજાત જાગૃત નહીં થાય, તો આગામી સમયમાં ઉનાળો વધુ આકરો અને વિનાશક બનશે. પ્રકૃતિનું સંતુલન પુનઃસ્થાપિત કરવું એ જ હવે એકમાત્ર વિકલ્પ છે.માનવીની વિકાસ પાછળની આંધળી દોટ અંતે તો વિનાશ તરફ જ દોરી જશે.

# ચોરી કરવા પિતરાઈ બહેનના ઘરમાં ઘૂસ્યો, બહેન જાગી જતા છરી ઝીંકી કરી હત્યા



## મેરઠના રામનગરમાં ઘરેણાની લાલચમાં લાલુસિંહ બન્યો હત્યારો : હત્યા કર્યા બાદ સ્નાન કરીને સૂઈ ગયો પરંતુ પોલીસે ગણતરીની કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો

મેરઠના પરિક્ષિતગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના રામનગર, જેને સૈદીપુર તરીકે પણ ઓળખવામાં આવે છે, ત્યાં મંગળવારે મોડી રાત્રે એક વૃદ્ધ મહિલા ફૂલ સમુંદરીની તેના ઘરમાં એકલી સૂતી હતી ત્યારે છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. તપાસ બાદ પોલીસે શંકાસ્પદ લીલુ સિંહની ધરપકડ કરી, જે મહિલાના પડોશમાં રહેતો હતો અને તેનો પિતરાઈ ભાઈ હોવાનું જણાતું હતું. તે મહિલાના ઘરમાં ઘરેણાં ચોરવા માટે ઘૂસ્યો હતો. તેને ઓળખી જતાં તેણે તેની હત્યા કરી દીધી.

મજૂર રામ સિંહની પત્ની ફૂલ સમુંદરી મંગળવારે રાત્રે ઘરની છત પર સૂતી હતી. વરસાદ પછી, તે નીચે સૂવા ગઈ. બુધવારે સવારે, જ્યારે પાડોશી મોની સમુંદરીને ફોન કરવા ગઈ, ત્યારે તેણીએ કોઈ જવાબ સાંભળ્યો નહીં. ઘરમાં પ્રવેશતાં તેણીએ ફૂલ સમુંદરીનો લોહીથી લથપથ, અર્ધ નગ્ન મૃતદેહ ખાટલા પર પડેલો જોયો. તેના સોનાના કાનની બુટ્ટી અને લોકેટ ગાયબ હતા. ઘરમાં એક છાતી ખુલ્લી મળી આવી હતી. માહિતી મળતાં, પોલીસ અધિક્ષક (દેહાત) અભિજીત સિંહ, પોલીસ અધિક્ષક (દેહાત) સુધીર સિંહ, ફોરેન્સિક ટીમ અને ડોગ સ્ક્વોડ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને પુરાવા એકત્રિત કર્યા. પોલીસે નજીકના રહેવાસીઓની પૂછપરછ કરી. જ્યારે પોલીસ અધિક્ષક એ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવાનો પ્રયાસ કર્યો, ત્યારે પરિવારે મૃતદેહને લઈ જવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો. પરિવારે આરોપીની તાત્કાલિક ધરપકડનો આગ્રહ રાખ્યો. મહિલાનો નાનો પુત્ર, વિપિન, યુપી પોલીસમાં કોન્સ્ટેબલ છે અને સંભલમાં તૈનાત છે. મોટો પુત્ર, મનવીર, મવાનામાં દરજી તરીકે કામ કરે છે અને મવાનામાં તેના પરિવાર સાથે રહે છે. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, મહિલા બુધવારે રાત્રે ખટકી ગામમાં તેની ભત્રીજીના લગ્નમાં હાજરી આપવાના હતા.

એસએસપી અવિનાશ પાંડેએ જણાવ્યું કે કેસ ઉકેલવા માટે ક્રાઈમ બ્રાન્ચ, સર્વેલન્સ વિભાગ અને સ્થાનિક પોલીસની પાંચ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ચાર કલાક પછી આરોપી, લીલુ સિંહની ધરપકડ કરી. આરોપીએ જણાવ્યું કે તે રાત્રે લગભગ ૧ વાગ્યે

**[ ક્રાઈમ સ્ટોરી ]**

દાગીના ચોરવા માટે દારૂ પીધા પછી ફૂલ સમંદરીના ઘરમાં ઘૂસ્યો હતો.

જ્યારે તેણે સમંદરીના દાગીના કાઢવાનું શરૂ કર્યું, ત્યારે તે જાગી ગઈ. તેને ઓળખી જતાં તેણે છરીથી તેનું ગળું કાપી નાખ્યું અને તેની હત્યા કરી દીધી. ત્યારબાદ તે તેના દાગીના અને મોબાઈલ ફોન લઈને ભાગી ગયો. આરોપીના કબજામાંથી ચોરાયેલા દાગીના અને મોબાઈલ ફોન મળી આવ્યો. પોલીસને શાંત પાડ્યા પછી, તેમને ખાતરી આપવામાં આવી કે ગુનો ટૂંક સમયમાં ઉકેલવામાં આવશે અને હત્યારાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે. એસએસપીના આશ્વાસન બાદ, પરિવારે મૃતદેહ લઈ જવાની મંજૂરી આપી. ગામના વડા પ્રમોદ કુમાર દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે, પરિક્ષિતગઢ પોલીસે એફઆઈઆર નોંધી. મેરઠના પરિક્ષિતગઢના રામનગર ગામમાં ફૂલ સમંદરીની હત્યા કરનાર લીલુ સિંહ માનતો હતો કે પોલીસ તેને પકડી શકશે નહીં, તેથી તે ભાગી ગયો નહીં. જોકે, સંઘર્ષ દરમિયાન ફૂલ સમંદરીના હાથ પર મળી આવેલા સફેદ વાળથી લીલુ સિંહનો પર્દાફાશ થયો. પોલીસ તપાસ દરમિયાન મળેલો આ પહેલો મહત્વપૂર્ણ સંકેત હતો, જેના કારણે પોલીસ તેના પર શંકા કરવા લાગી.

તપાસ અધિકારી, સ્ટેશન હાઉસ ઓફિસર સુદીશ સિંહે જણાવ્યું હતું કે પોલીસે ગુના સ્થળ અને ગામમાં લગાવેલા ૨૫ સીસીટીવી કેમેરાના રાત્રિના ફૂટેજની તપાસ કરી હતી, પરંતુ તેમને ગામમાં કોઈ પ્રવેશતું કે બહાર જતું દેખાતું નહોતું. ઘટનાસ્થળે હાજર ગ્રામજનોમાં, ફક્ત લીલુ સિંહના માથા, હાથ અને દાઢી પર સફેદ વાળ હતા. સમુંદરીના હાથ અને શરીરના અન્ય ભાગો પર પણ આવા જ વાળ જોવા મળ્યા હતા. મૃતક મહિલાના પુત્રો અને પુત્રીની શંકાથી પોલીસની શંકા વધુ મજબૂત બની હતી. તેમને લીલુ પર પણ શંકા હતી કારણ કે તેણે લગભગ પાંચ વર્ષ પહેલાં તેમના ઘરમાં લૂંટનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે પાડોશી હોવાથી તે સમયે કોઈ રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો ન હતો. જ્યારે પોલીસે લીલુની અટકાયત કરી અને તેની પૂછપરછ કરી, ત્યારે તે ભાંગી પડ્યો અને ગુનો કબૂલ્યો. તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યા સિવાય કોઈ ગુનાની પુષ્ટિ થઈ નથી. વૃદ્ધ મહિલાએ લીલુ સાથે ઝઘડો કર્યો હતો, અને ઘટના દરમિયાન તેના કપડાં ફાટી ગયા હતા. હત્યા અને લૂંટના કેસને હત્યા સિવાયના ગુનામાં ફેરવવા માટે લીલુ તે કપડાં પોતાની સાથે લઈ ગઈ હતી.

સીઓ સદર દેહાત સુધીર સિંહે જણાવ્યું કે પોલીસ પૂછપરછ દરમિયાન લીલુએ તેમને કહ્યું કે ફૂલ સમુંદરીની હત્યા અને લૂંટ કર્યા પછી, તે નજીકના તેના ખેતરમાં ગયો હતો. તેણે ચોરેલા દાગીના, સમુંદરીના લોહીથી ખરડાયેલા કપડાં અને તેનો મોબાઈલ ફોન ઘાસમાં છુપાવી દીધો હતો. તે સ્નાન કરીને સૂઈ ગયો. સવારે જ્યારે તે લોકોના ટોળાને જોઈને જાગ્યો, ત્યારે તે સમુંદરીના ઘરે ગયો અને ભીડમાં જોડાઈ ગયો અને ખુલાસો માંગ્યો. લીલુ સિંહ પરિણીત છે અને તેને બે બાળકો છે. આ ઘટનાની તપાસ માટે પાંચ ટીમો તૈનાત કરવામાં આવી હતી.

# વિકસિત રાજ્યમાં ખેડૂતનો ટકી રહેવા સંઘર્ષ

## ગુજરાતમાં ખેડૂતોની માલિકીની જમીનમાં જોહુકમીથી વીજલાઇન નાંખવામાં આવી રહી છે,ખેડૂતોએ આ પ્રશ્ને આંદોલન શરૂ કર્યું છે.દરેક પાસાઓને વિકાસ સાથે જોડી ન શકાય,જનતાનો સાથ અને સંતોષ પણ મુખ્ય પરિબળ છે,આ બાબત ગુજરાતની સરકાર ભૂલી છે અને તેના કારણે જ ખેડૂતો લાચાર બન્યા છે

ગુજરાત હંમેશાથી દેશનું એક મોડેલ સ્ટેટ રહ્યું છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો અને સરકાર સામસામે આવી ગયા છે. આ સંઘર્ષનું મુખ્ય કેન્દ્રબિંદુ છે – ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનો અને તેના માટે નંખાતા મોટા વીજપોલ (ટાવર્સ). વિકાસની અનિવાર્યતા અને ખેડૂતોના હકો વચ્ચેનો આ વિવાદ હવે માત્ર આર્થિક કે કાનૂની મુદ્દો નથી રહ્યો, પરંતુ તેણે તીવ્ર રાજકીય સ્વરૂપ ધારણ કરી લીધું છે.

ખેડૂતોના આક્રોશ પાછળ કોઈ એક કારણ નથી, પરંતુ વર્ષોથી એકઠો થયેલો અસંતોષ છે.આ કારણોમાં ખેતરમાં જ્યારે મોટો વીજપોલ ઊભો કરવામાં આવે છે, ત્યારે તેની આસપાસની જમીન ખેડવા લાયક રહેતી નથી. ખેડૂતોનો આરોપ છે કે સરકાર કે ખાનગી કંપનીઓ દ્વારા અપાતું વળતર જમીનની બજારકિંમત કરતાં ખૂબ ઓછું હોય છે.હાઈ-ટેન્શન લાઈનો નીચે મોટા વૃક્ષો ઉગાડી શકાતા નથી કે કોઈ પાકનું યોગ્ય વાવેતર થઈ શકતું નથી. વળી, ભવિષ્યમાં જમીનની કિંમત શૂન્ય થઈ જાય છે અને ખેડૂત તે જમીન વેચી પણ શકતો નથી.

રાજ્યના ઘણા જિલ્લાઓમાં ખેડૂતોની સંમતિ વિના, પોલીસ બંદોબસ્ત સાથે રાખીને ખેતરોમાં વીજપોલ ઊભા કરી દેવાની ઘટનાઓ સામે આવી છે, જેણે આંદોલનમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

ગુજરાતના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના અનેક જિલ્લાઓમાં ખેડૂતો સંગઠિત થઈને 'વીજપોલ હટાવો' અથવા 'યોગ્ય વળતર આપો' ના નારા સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે.



સત્તાધારી પક્ષ માટે આ આંદોલન એક મોટી કસોટી સમાન છે. એક તરફ સરકાર પર ઉદ્યોગો અને શહેરોને અવિરત વીજળી આપવા માટે ગ્રીડ મજબૂત કરવાનું દબાણ છે, તો બીજી તરફ મતબેંક સમાન ખેડૂતોને નારાજ કરવાનું તે પરવડે તેમ નથી.સત્તાપક્ષનો તર્ક છે કે અક્ષય ઊર્જા (સોલાર અને વિન્ડ એનર્જી) ના વહન માટે અને 'ગુજરાત મોડેલ'ને આગળ ધપાવવા માટે આ પાવર ગ્રીડ અનિવાર્ય છે. સરકાર આ પ્રક્રિયાને કાયદાકીય માળખા હેઠળ યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરે છે.

**[ રાજકારણ ]**

જ્યારે પણ આંદોલન ઉગ્ર બને છે, ત્યારે સત્તાપક્ષના નેતાઓ અને મંત્રીઓ ખેડૂત સંગઠનો સાથે બેઠકો યોજીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરે છે. કેટલીક જગ્યાએ વળતરની રકમમાં નજીવો વધારો કરીને આંદોલનની ધાર બોદી કરવાનો રાજકીય વ્યૂહ પણ અપનાવવામાં આવે છે.

સત્તાપક્ષ ઘણીવાર આ આંદોલનોને 'રાજકીય પ્રેરિત' ગણાવીને વિપક્ષ પર ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કરે છે, જેથી જનતાની સહાનુભૂતિ તૂટી જાય.

આ આંદોલન સ્પષ્ટ કરે છે કે "વિકાસ" ની વ્યાખ્યામાં જ્યાં સુધી પાયાના માણસ એટલે કે ખેડૂતનો સ્વીકાર નહીં થાય, ત્યાં સુધી આવા સંઘર્ષો ચાલુ રહેશે.

સત્તાપક્ષે માત્ર કાયદા અને પોલીસના જોરે પ્રોજેક્ટ્સ પૂરા કરવાના બદલે ખેડૂતોને વિશ્વાસમાં લેવા પડશે. જમીનની કિંમતના આધારે યોગ્ય વાર્ષિક ભાડું અથવા બજારભાવ મુજબનું એકસાથે વળતર આપવાની નીતિ ઘડવી જરૂરી છે. જો સત્તાપક્ષ આ વિવાદનો કાયમી અને સંવેદનશીલ ઉકેલ નહીં લાવે, તો આગામી ચૂંટણીઓમાં આ 'વીજપોલ' શાસક પક્ષ માટે મોટો રાજકીય શૉક સાબિત થઈ શકે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અઃ | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અઃ | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# કળિયુગના તાપથી બચવા ભગવાન શ્રીરામનું નામ જ શ્રેષ્ઠ ઔષધ

## ભગવાન શ્રીરામનું નામ જ સંસારને તારવાવાળું છે.રામ નામનો મહિમા અનોખો છે.પરમાત્મા ભગવાન શિવ પણ રામનામનો મહિમા વર્ણવે છે,ચિત્તમાં સદાય રામ નામનું રટણ કરે છે

ભગવાન શ્રીવિષ્ણુના દસ અવતારો પૈકી સાતમો અવતાર એટલે ભગવાન શ્રીરામ.અયોધ્યામાં રાજા દશરથના પુત્ર તરીકે પ્રગટ થયેલા ભગવાન શ્રીરામના જીવન ચરિત્રનો રામાયણ ગ્રંથમાં સવિસ્તાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ભગવાન શ્રીહરિવિષ્ણુના દરેક અવતારોનું એક આગવું પ્રયોજન હોય છે.આજ સુધીના નવ અવતારો પૈકી ભગવાન શ્રીરામ તથા શ્રીકૃષ્ણનું ચરિત્ર ઉત્તમ મનાય છે.પરમાત્માના આ બન્ને પ્રગટ સ્વરૂપો એ ચાર પુરુષાર્થ ( ધર્મ,અર્થ,કામ અને મોક્ષ ) ને યથાર્થ રીતે પ્રગટ કરે છે.ખરા અર્થમાં સમાજ અને સામાજિક જીવનનું સાચું સ્વરૂપ પ્રગટ કરે છે.ભગવાન શ્રીરામ પૂર્ણ જ હતા,છતાં એક મનુષ્યના સ્વરૂપમાં તમામ મર્યાદાઓનું પાલન કરીને માનવ ધર્મનું પાલન કર્યું અને દૈત્યોનો સંહાર પણ કર્યો.આ કારણથી પરમાત્માના આ અવતારને મર્યાદા પુરુષોત્તમ ગણી શકાય.

શ્રીમદ ભગવત ગીતામાં ભગવાનની વિભૂતિરૂપમાં રાજાની ગણના કરવામાં આવી છે.રાજાઓમાં ભગવાન શ્રીરામને શ્રેષ્ઠ રાજવી ગણવામાં આવ્યા છે.રીતિ અને નીતિમાં અયોધ્યાના રઘુકુલ રાજવીઓને ઉત્તમ ગણવામાં આવ્યા છે.આથી જ ભગવાન શ્રીરામ ઈશ્વર સ્વરૂપ હોવા છતાં રાજારામ તરીકે ઓળખાય છે.ભગવાન શ્રીરામ જેવા રાજવી કોઈ થયા નથી કે થશે નહીં.ભગવાને અયોધ્યાની ગાદી સંભાળીને રામ રાજયની સ્થાપના કરી હતી.પ્રભુ શ્રીરામના રાજ્ય વ્યવસ્થાની આજે પણ નોંધ લેવાય છે. ( રઘુકુલ રીત સદા ચલી આઈ...) વચન પાલન માટે પ્રાણની આહુતિ આપવી પડે તો પણ તૈયાર રહેવું,આ પરંપરા હતી.દશરથ રાજાએ વચન પાળવા માટે પ્રાણ ત્યાગ સુધીની યાતના

**[ ધર્મ દર્શન ]**

ભોગવી,ભગવાન શ્રીરામે પિતાની આજ્ઞાન પાલન માટે રાજગાદી છોડીને વનવાસ સ્વીકાર્યો,સમર્થ હોવા છતાં વનમાં ઝુંપડી બાંધીને રહ્યા.અનેક લીલાઓ કરી છતાં ક્યારેય મનુષ્ય તરીકેની મર્યાદાઓનું ઉલ્લંઘન ન કર્યું.આથી જ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ એવા નામથી પ્રસિદ્ધ થયા.

ભગવાન શ્રીરામનું નામ જ સંસારને તારવાવાળું છે.રામ નામનો મહિમા અનોખો છે.પરમાત્મા ભગવાન શિવ પણ રામનામનો મહિમા વર્ણવે છે,ચિત્તમાં સદાય રામ નામનું રટણ કરે છે.ભગવાન શ્રીરામનું નામ અન્ય ભગવાનના એક હજાર નામની સમકક્ષ છે.( સહસ્ત્ર નામ તતુલ્ય શ્રીરામ નામ ) ભગવાન શ્રીરામનું ભજન,રામનામનો જાપ માનવીના સઘળા કષ્ટ, રોગ,દોષનું નિવારણ કરે છે.આજે સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી ફેલાઈ છે,અનેક લોકો આ બીમારીથી પીડાઈ રહ્યા છે,લોકો ટપોટપ મરી રહ્યા છે ત્યારે ભગવાન શ્રીરામનું નામ જ આ મહામારીરૂપી સંકટને દૂર



કરવા સક્ષમ છે.કળિયુગમાં રામનામનો જ મોટો મહિમા હોવાનું શાસ્ત્રો વર્ણવે છે. રામનામનું રટણ કરનાર ભક્તની મહાવીર શ્રીહનુમાનજી રક્ષા કરે છે.

# જામનગરમાં જૈન સાધુ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જૈન સાધુ-સાધ્વીજીના ચાતુર્માસ પ્રવેશની મંગલમય શરૂઆત થઈ ચૂકી છે, જેના ભાગરૂપે જામનગરમાં ચાલુ વર્ષનો પ્રથમ ચાતુર્માસ પ્રવેશ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. પૂજ્ય પન્યાસ પ્રવર ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્ય પરમ પૂજ્ય આચાર્ય મેઘદર્શનસુરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતોનો ચાંદીબજાર સ્થિત જ્યોતિ વિનોદ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ થયો હતો.

ગત શુક્રવાર, ૩ જુલાઈના રોજ સવારે ૬:૪૫ વાગ્યે પંચેશ્વર ટાવર પાસે આવેલા શાલીભદ્ર એપાર્ટમેન્ટથી એક ભવ્ય સામૈયુ અને શોભાયાત્રા નીકળી હતી. જ્યાં સ્થાનિકોએ ભાવપૂર્વક પાટલાપૂજન કરી મહારાજના મંગલ આશીર્વાદ મેળવ્યા હતા. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો જેવા કે ઈન્દ્રપ્રસ્થ, સુપર માર્કેટ અને સજુબા સ્કૂલ થઈને ચાંદીબજાર ચોકના શેઠજી જિનાલયે પહોંચી હતી, જ્યાં ભગવાન આદેશ્વરના સમૂહ ચૈત્યવંદન બાદ આચાર્યનું પ્રેરણાદાયી પ્રવચન યોજાયું હતું.

આ શોભાયાત્રામાં મુનિ હેમન્તવિજયજી મ.સા. પ્રેરિત વિશામાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ બેન્ડ અને આદિનાથ યુવક મંડળના યુવાનોએ નિઃસ્વાર્થ અને વિનામૂલ્યે સેવા આપીને વ્યવસ્થા જાળવી હતી.

સ્નાત્ર મંડળની બહેનો કુંભ-નાળિયેર સાથે જોડાતા શોભાયાત્રાની ભવ્યતા વધી હતી. ધાર્મિક મહોત્સવના અંતે અમૃતવાડીમાં નવકારશી અને સમૂહ આયંબિલનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જામનગરના વિવિધ જૈન સંઘના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના આચાર્ય સામે થયેલ ફરિયાદમાં એસ્ટ્રોસિટીની કલમ દૂર કરવા શિક્ષક સંઘનું આવેદન



જામનગર : જામનગરની શાળા નં. ૧૯ના આચાર્ય રામભાઈ સોલંકી સામે દાખલ થયેલ ફરિયાદમાંથી એસ્ટ્રોસીટી એકટની કલમો રદ કરવામાં આવે તેવી માંગ સાથે ગઈકાલે શિક્ષક સંઘ દ્વારા જિલ્લા કલેક્ટર અને નાયબ પોલીસ વડાને આવેદનપત્ર પાઠવાયું હતું.

ગત તા.૨૯/૬ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં. ૧૯ નાં આચાર્ય રામભાઈ સોલંકી દ્વારા શાળાના વિધાર્થીને માર મારવા અંગેની વિગતો મિડીયાનાં માધ્યમથી પ્રકાશમાં આવી હતી. જે બાબતે તા.૨/૭ના સીટી સી પોલીસ સ્ટેશનમાં શાળાના આચાર્ય રામભાઈ સોલંકી વિરુધ્ધ વિધાર્થીના વાલી પ્રવિણભાઈ અરજણભાઈ પાંડાવદરા દ્વારા ફરિયાદ દાખલ કરાયેલ છે. તેમાં ભારતીય ન્યાયસંહિત ઉપરાંત એટ્રોસીટી એકટની કલમ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

શાળાનાં સંચાલન માટે સરકાર દ્વારા સ્કૂલ મેનેજમેન્ટ કમિટી અને વાલી સમિતિ તેમજ શાળાનાં વિવિધ શિક્ષકોના નિવેદનો મુજબ વિદ્યાર્થી સાથે સમાનતાનાં ધોરણે શૈક્ષણિક કામગીરી ઉપરાંત સહશૈક્ષણિક પ્રવૃતિમાં કોઈપણ પ્રકારનાં ભેદભાવ વિના તમામ વિધાર્થીઓને સહભાગી બનાવવામાં આવે છે. તેમજ શાળાની તમામ બૌતિક સુવિધાઓ તમામ સમાજ અને જ્ઞાતિના ભેદભાવ વિના તમામ માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

ઉપરોકત ફરિયાદમાં દાખલ કરાયેલી એસ્ટ્રોસીટી એકટની કલમો કોઈપણ પ્રકારે ભેદભાવ ન કરવામાં આવતો હોવા છતા દાખલ કરવામાં આવેલી હોય ત્યારે રજૂઆત છે કે હાલ જામનગર શહેરની કુલ ૪૫ શાળાઓ અને અંગ્રેજા માધ્યમની ૨ શાળાઓ મળી કુલ ૪૭ શાળામાં એક પણ જગ્યાએ આ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો ન હોય ત્યારે આ ફરિયાદમાં જે કલમો એસ્ટ્રોસીટી એકટ મુજબ દાખલ કરવામાં આવેલી છે તે તમામ કલમો રદ કરી અને ન્યાયીક તપાસ યોજવામાં આવે. તેવી માંગ સાથે ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ અને મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ - જામનગર દ્વારા જિલ્લા કલેક્ટર અને નાયબ પોલીસ વડાને આવેદનપત્ર પાઠવાયું હતું.

# જામનગર જિલ્લાના ૩.૭૮ લાખથી વધુ પશુઓને મળી વિનામૂલ્યે સફળ સારવાર





જામનગર : હરતા-ફરતા પશુ દવાખાના સેવાને સફળતાપૂર્વક ૬ વર્ષ પૂર્ણ થતા જામનગર ૧૯૬૨ ટીમ દ્વારા કેક કાપીને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ પ્રસંગે વિવિધલક્ષી પશુ ચિકિત્સાલય જામનગરના મદદનીશ પશુપાલન નિયામક ડૉ. જીવાણી, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર પિયુષ પરમાર તેમજ હરતા-ફરતા પશુ દવાખાનાના તમામ પશુ ચિકિત્સકો અને પાયલોટ સ્ટાફે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ઘરઆંગણે પશુ સારવાર પહોંચાડવાના મુખ્ય હેતુ સાથે કાર્યરત આ સેવા પશુ આરોગ્ય ક્ષેત્રે વધુ સરળ, સુલભ અને અસરકારક સાબિત થઈ રહી છે.જામનગર જિલ્લામાં આ સેવાની શ્રેષ્ઠ કામગીરીના આંકડા પર નજર કરીએ તો, છેલ્લા એક વર્ષ દરમિયાન હરતા-ફરતા પશુ દવાખાના દ્વારા કુલ ૫૧,૯૯૩ પશુ-પક્ષીઓની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી છે. જેમાં ૨૩,૯૨૨ ગાયો, ૧૯,૨૧૧ ભેંસો, ૩,૯૪૧ બકરીઓ, ૩,૮૧૬ ઘેટાં તેમજ ૯૪૧ કુતરાઓ ઉપરાંત ઘોડા અને કબૂતર સહિત અન્ય વિવિધ પશુ-પક્ષીઓનો પણ સમાવેશ થાય છે. આ સઘન કામગીરી દ્વારા જામનગરની ટીમે અનેક અબોલ જીવોના જીવ બચાવવામાં મહત્વપૂર્ણ અને પ્રશંસનીય યોગદાન આપ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ જામનગર જિલ્લામાં પશુપાલકો માટે કુલ ૨૧ હરતા-ફરતા પશુ દવાખાના કાર્યરત છે. આજ દિન સુધીમાં જામનગર જિલ્લાના શેડ્યૂલ ગામોમાં કુલ ૩,૭૮,૦૬૪ પશુઓની સફળ સારવાર કરીને આ યોજના પશુપાલકો માટે સાચે જ આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

જામનગર પ્રોગ્રામ મેનેજર ડૉ. શોએબ ખાન દ્વારા જિલ્લાના તમામ પશુપાલકોને આ સેવાનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી છે. પશુઓની તાત્કાલિક અને યોગ્ય સારવાર માટે પશુપાલકો સોમવારથી શનિવાર દરમિયાન સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી '૧૯૬૨' હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી આ નિઃશુલ્ક સેવાનો લાભ મેળવી શકે છે.

# જામનગર જિલ્લામાં લેન્ડ રેકોર્ડ્સની તાલુકા કક્ષાની સાત કચેરીઓ નવા સરનામે કાર્યરત કરાઈ

જામનગર : મહેસૂલ વિભાગના વહીવટી તંત્રને વધુ સુદ્રઢ, મજબૂત અને પ્રજાભિમુખ બનાવવાના હેતુથી જામનગર જિલ્લામાં જમીન દફતર ખાતાની કામગીરીનું તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકની કચેરી હેઠળ અગાઉ કાર્યરત જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨ (ડી.આઈ.એલ.આર.), સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ અને હક્કચોક્સી અધિકારી જેવી જગ્યાઓના નામાભિધાન સુધારીને હવે 'જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨' (Inspectro of Land Recrods) કરવામાં આવ્યા છે.

નાગરિકોને જમીન દફતર સંબંધિત સેવાઓ માટે જિલ્લા મથક સુધી જવું ન પડે અને તેમના રહેઠાણની નજીક જ ત્વરિત સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે જામનગર જિલ્લામાં ૭ નવી તાલુકા કક્ષાની કચેરીઓ નીચે દર્શાવેલા નવા સ્થળ અને સરનામે કાર્યરત કરવામાં આવી છે.

જામનગર શહેરઃ જમીન દફતર નિરીક્ષક કચેરી જામનગર (શહેર), મોજણી ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવાસદન, શરૂ સેકશન રોડ, જામનગર.જામનગર ગ્રામ્યઃ જમીન દફતર નિરીક્ષક કચેરી જામનગર ગ્રામ્ય, સેવાસદન-૩, લાલ બંગલો કંપાઉન્ડ, પ્રથમ માળ, જામનગર. કાલાવડઃ જમીન દફતર નિરીક્ષક કચેરી કાલાવડ, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધોરાજી રોડ, કાલાવડ.ધ્રોલઃ જમીન દફતર નિરીક્ષક કચેરી ધ્રોલ, જૂનું કોર્ટ બિલ્ડિંગ, જોડિયા નાકા પાસે, જોડિયા રોડ, ધ્રોલ. જોડીયાઃ જમીન દફતર નિરીક્ષક કચેરી જોડીયા, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, જોડીયા. લાલપુરઃ જમીન દફતર નિરીક્ષક કચેરી લાલપુર, જ્ઞાનદિપ વિદ્યામંદિર, પટેલ શેરી, જૂની શાક માર્કેટ રોડ, લાલપુર.જામજોધપુરઃ જમીન દફતર નિરીક્ષક કચેરી જામજોધપુર, સ્ટેશન પ્લોટ, અંજુ ભગવાનદાસ પારવાણીનું મકાન, મામલતદાર કચેરી સામે, જામજોધપુર.

નવી વ્યવસ્થા અમલી બનતા હવેથી જમીન દફતર ખાતાની તમામ વહીવટી કામગીરીઓમાં વેગ આવશે. અગાઉ નાગરિકોએ પ્રોપર્ટી કાર્ડ માટે સિટી સર્વે કચેરીએ અને જમીન માપણી માટે ડી.આઈ.એલ.આર. કચેરીએ અલગ-અલગ જવું પડતું હતું, તેના બદલે હવે તાલુકા કક્ષાની આ એક જ કચેરીમાંથી જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ, સ્વામિત્વ યોજના સહિતની તમામ સેવાઓ એકસાથે મળી રહેશે.

જામનગર જિલ્લાના તમામ નાગરિકોને જમીન રેકર્ડ, માપણી અને પ્રોપર્ટી કાર્ડ સહિતની વિવિધ સેવાઓનો લાભ લેવા માટે પોતાના તાલુકાની સંબંધિત કચેરીનો સંપર્ક સાધવા કલેક્ટર શ્રી પી.બી.પંડ્યા દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.સાથે જ સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકોર્ડ્સ કમ એકત્રીકરણ અધિકારી એચ.એસ. રબારી દ્વારા આ સેવાઓનો સ્થાનિક કક્ષાએ વધુમાં વધુ લાભ લેવા નાગરિકોને અનુરોધ કરાયો છે.

# ભારત તીબબત સંઘ જામનગર દ્વારા માન સરોવર યાત્રી ભાવનાબેનનું સન્માન



જામનગર : ભારત તિબ્બત સંઘ જામનગર મહિલા વિભાગના બહેનો દ્વારા જામનગરમાં વસઈ નજીક આવેલ વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમના પ્રમુખ ભાવનાબેન પરમાર જેઓ હાલમાં કૈલાસ માનસરોવરની અદભુદ,ઐતિહાસિક અને અવિસ્મરણીય યાત્રા સુખદ રીતે પૂર્ણ કરી પરત ફર્યા છે, તેઓની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી તેમજ અનુભવ કથન બેઠકનું આયોજન વાત્સલ્ય ધામ ખાતે કરવામાં આવ્યું હતું,

આ બેઠકમાં ભારત તિબ્બત સંઘ પ્રદેશ મહિલા મંત્રી ડિમ્પલબેન જે. રાવલ, પ્રદેશ શોધ અને વિકાસ પ્રબંધ સહસંયોજક ડૉ.પૂર્ણિમા એ.નંદા, જામનગર ભારત તિબ્બત સંઘ મહિલા વિભાગ અધ્યક્ષ પાયલબેન શર્મા, ધારાબેન પુરોહિત, રીટાબેન ઝિંઝુવાડીયા, મીનાક્ષીબેન, દિસીતાબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ભારત તિબ્બત સંઘના સભ્યો દ્વારા કૈલાસ માન સરોવરની યાત્રા પરિપૂર્ણ કરી પધારેલ ભાવનાબેન પરમારનું પુષ્પ માળા ,પુસ્તક તેમજ ખેસ દ્વારા અભિવાદન સત્કાર કરવામાં આવ્યું હતું તેમજ ભાવનાબેન દ્વારા અનુભવ કથન અને ભારતીય પરંપરાના અનંત શિખર સમાન માનસરોવર યાત્રાના અનુભવોનો સુંદર કથન કરવામાં આવ્યું હતું, ભારતની પરંપરાને તેમજ ઐતિહાસિક વારસાને જાળવવા દરેક ભારતીય કટિબદ્ધ થાય અને માન સરોવર જે અધ્યાત્મનું શિખર કહી શકાય તેવું આપણું યાત્રાધામ હંમેશા ભારતનું એક ગૌરવ બની રહે તેવી અભ્યર્થના પણ આ તકે વ્યક્ત કરવામાં આવી હતી.

# જામનગરમાં મોહરમમાં ઉત્કૃષ્ટ બંદોબસ્ત બદલ પીઆઈનું ભાજપ લઘુમતી મોરચા દ્વારા સન્માન



જામનગર : જામનગર શહેરમાં મોહરમ પર્વ દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી કાયદો અને વ્યવસ્થા જાળવવા બદલ ભારતીય જનતા પાર્ટી, જામનગર શહેર લઘુમતી મોરચા દ્વારા સિટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ડોડીયાનું શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપ જામનગર શહેર લઘુમતી મોરચાના પ્રમુખ ઉમરભાઈ બ્લોચ, મહામંત્રી હારુનભાઈ આંબલીયા, મહામંત્રી જુનેદભાઈ જુણેજા, ઉપપ્રમુખ અકબર બાપુ દીવાન, આઈ.ટી. અને સોશિયલ મીડિયા ઈન્ચાર્જ શાહરુખ ખાન પઠાણ તેમજ અફઝલભાઈ મુરીમાં અને નૌશાદભાઈ મુરીમાં સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત આગેવાનોએ મોહરમ પર્વ દરમિયાન જામનગર શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલી સુચારુ અને નિષ્ઠાપૂર્વકની કામગીરીની પ્રશંસા કરી હતી. સાથે જ પોલીસ અને સમાજ વચ્ચેના પરસ્પર વિશ્વાસ તથા સંકલનને વધુ મજબૂત બનાવવા માટે આવા સન્માન કાર્યક્રમો પ્રેરણારૂપ હોવાનું જણાવ્યું હતું.

# ચૌહાણફળી ખવાસ જ્ઞાતિ સંચાલિત પુરૂષોત્તમજીના મંદિરે અધિક માસની ઉજવણી



જામનગર : ચૌહાણ ફળી રજપૂત (ખવાસ) જ્ઞાતિ સંચાલિત ભગવાન પુરૂષોત્તમજી મંદિરે અધિક માસની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર માસ દરમિયાન ભક્તજનો દ્વારા ધ્વજારોહણ, અન્નકૂટ દર્શન, ભગવાનને વાઘા અર્પણ, મંડળ ભરવા સહિતના હસના ધાર્મિક કાર્યો ઉજવાયા હતાં. મંદિરે નાગદમન, મયુરા કારાવાસ, દ્વારકાધીશ દર્શન સહિતના અનેકવિધ દર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ચૌહાણ ફળી રજપૂત (ખવાસ) જ્ઞાતિ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, રૂક્ષ્મણી વિવાહમાં વર પક્ષે ગણપતભાઈ વસંતભાઈ ભટ્ટી પરિવાર તથા કન્યા પક્ષે રમણિકભાઈ બયુભાઈ બારડ પરિવાર જોડાયો હતો. રૂક્ષ્મણી વિવાહ અંતર્ગત ભગવાનની ભવ્ય પાલખી યાત્રા યોજાઈ હતી, જે પુરુષોત્તમજી મંદિરેથી શરૂ થઈ ખાણદાબાવા ચકલો, તળાવ ફળી, પંચેશ્વર ટાવર સહિતના માર્ગો પર ફરીને મંદિરે પાલખી યાત્રાનું સમાપન થયું પુરુષોત્તમ માસની પછી પારણા અંતર્ગત પુર્ણાહૂતિ પછી ૫ ચૌહાણફી રજપુત (ખવાસ) જ્ઞાતિનું સમૂહભોજન યોજાયું હતું. સમૂહભોજનના મુખ્ય દાતા સંજયભાઈ દેશળભાઈ ચૌહાણ તથા તેમના પરિવારનું મોમેન્ટો વડે ચૌહાણ ફળી રજપૂત (ખવાસ) જ્ઞાતિ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભોજનનો લાભલીધો હતો.

આ વિવિધ કાર્યક્રમોમાં મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, સ્ટે. કમિટી ચેરમેન ધિરેનભાઈ મોનાણી કોર્પોરેટરો ધર્મીનાબેન સોઢા (બારડ), દર્શનભાઈ શેઠ, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ આકાશભાઈ બારડની આગેવાની હેઠળ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ચૈતન્ય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બાયો-એન્ઝાઈમ જાગૃતિ કાર્યક્રમ અને વર્કશોપ યોજાયો



જામનગર : ચૈતન્ય ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલી અંગે જાગૃતિ લાવવાના હેતુથી શ્રી ગૌ સેવા મહાભિયાન કુમાર પ્રાથમિક શાળા, સમર્પણ ચોકડી નજીક, જામનગર ખાતે બાયો-એન્ઝાઈમ જાગૃતિ કાર્યક્રમ અને વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ના અધિકારીઓ તથા ટ્રસ્ટના સ્વયંસેવકોની ઉત્સાહપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમની શરૂઆત ચૈતન્ય ચેરિટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર અને ડિરેક્ટર એડવોકેટ હિતેશ પંડ્યાના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટ દ્વારા "બુકે નહીં, પણ બુક" નામના અનોખા અભિયાન અંતર્ગત ઉપસ્થિત મહેમાનોનું ફૂલહાર કે બુકેના બદલે પુસ્તકો અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્ઞાન અને સંસ્કારના પ્રતીકરૂપે કરવામાં આવેલ આ અનોખી પહેલ ઉપસ્થિત સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ત્યારબાદ પ્રોજેક્ટ ચેરમેન રામ મીટ દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. તેમણે બાયો-એન્ઝાઈમ શું છે, તે કેવી રીતે તૈયાર કરવામાં આવે છે, તેના વિવિધ ઉપયોગો શું છે તથા પર્યાવરણની જાળવણીમાં તેની કેવી મહત્વપૂર્ણ ભૂમિકા છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઘરેલુ કચરાના વૈજ્ઞાનિક પુનઃઉપયોગ દ્વારા સ્વચ્છ અને હરિયાળું પર્યાવરણ સર્જવામાં પોતાની ભૂમિકા નિભાવવાની પ્રેરણા આપી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી ઉપસ્થિત રહેલા અધિકારીઓ મિત્તલ રાવલિયા, ઋત્વી જોશી અને શઝીલ પટેલે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. પ્રસંગિક પ્રવચનમાં મિત્તલ રાવલિયાએ બાયો-એન્ઝાઈમના ઉપયોગ, પર્યાવરણ પર તેની હકારાત્મક અસર તથા ઘરેલુ સ્તરે તેના અમલીકરણ અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત શ્રી ગૌ સેવા મહાભિયાન કુમાર પ્રાથમિક શાળાના શિક્ષિકા સરોજબેન વડોદરિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ચૈતન્ય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અગાઉ પણ વિવિધ ઉપયોગી શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેના કારણે શાળાના વિદ્યાર્થીઓને સતત લાભ મળતો રહ્યો છે. તેમણે આ કાર્યક્રમ માટે ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરી વિદ્યાર્થીઓને પર્યાવરણનું સંરક્ષણ, સ્વચ્છતા અને કુદરતી સંસાધનોના સંવર્ધન માટે પ્રેરિત કર્યા હતા.

વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓને બાયો-એન્ઝાઈમ બનાવવાની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. લીંબુ અને નારંગીની છાલ, ગોળ અને પાણીનો ઉપયોગ કરીને બાયો-એન્ઝાઈમ કેવી રીતે તૈયાર થાય છે તેની સમગ્ર પ્રક્રિયાનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર અભિયાનમાં આશરે ૧૨ સ્વયંસેવકોએ સક્રિય ભાગ ભજવ્યો હતો. જેમાં રામ મીટ, યશ સોરઠિયા, વિશ્વા કથીરિયા, વંશિકા વિઠલાણી, સ્નેહા ગોસ્વામી, દિયા સોલંકી, પરમ સોજીત્રા, વત્સલ ઘેલાણી, દર્શ મહોબિયા, હર્ષ કશ્યપ, સિદ્ધાર્થ ખારા તથા હની તખ્તાણીનો સમાવેશ થાય છે. કાર્યક્રમનું વિડિયો દસ્તાવેજીકરણ પણ કરવામાં આવ્યું હતું જેથી જાગૃતિનો સંદેશ વધુ વ્યાપક સ્તરે પહોંચાડી શકાય. કાર્યક્રમના અંતે યશ સોરઠિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અને ઉપસ્થિત તમામ મહેમાનો, અધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મોટા પાચસરા ગ્રામ પંચાયત દફ્તરની તપાસણી કરતા જિલ્લા કલેકટર



જામનગર : જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાએ મંગળવારે મોટા પાચસરા ગામની મુલાકાત દરમિયાન ગ્રામ પંચાયત ખાતે દફ્તર તપાસણી કરી હતી.

તપાસણી દરમિયાન ગ્રામ પંચાયતના વહીવટી રેકોર્ડ, વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણ, વિકાસકાર્યોની પ્રગતિ તેમજ નાગરિકોને આપવામાં આવતી સેવાઓની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરએ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું તેમજ કામગીરીમાં વધુ પારદર્શિતા, સમયબદ્ધતા અને ગુણવત્તા જળવાય તે માટે સૂચનો કર્યા હતા. તપાસણી દરમિયાન સંબંધિત વિભાગોના અધિકારીઓ, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાની તમામ અદાલતોમાં ૧૧ જુલાઈએ યોજાશે 'નેશનલ લોક અદાલત'

જામનગર : ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના આદેશ અનુસાર અને નાલ્સાના એક્શન પ્લાન મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગર દ્વારા આગામી તા. ૧૧-૭ના રોજ જામનગર જિલ્લાની તમામ કોર્ટોમાં 'નેશનલ લોક અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક અદાલતમાં પક્ષકારો પોતાના વિવિધ પ્રકારના પેન્ડિંગ કેસોનો પરસ્પર સહમતી અને સમાધાનથી કાયમી નિકાલ લાવી શકશે. જેમાં મુખ્યત્વે ફોજદારી સમાધાનપાત્ર કેસો, નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ચેક રિટર્નના કેસો, બેંક રિકવરી દાવા, મોટર અકસ્માત વળતર (MACP) ના કેસો, લેબર અને લગ્ન વિષયક તકરારના કેસો, તેમજ વીજળી અને પાણીના બિલોને લગતા સમાધાનપાત્ર કેસો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત કૌટુંબિક તકરાર, જમીન સંપાદન, સર્વિસ મેટરના પે-એલાઉન્સ તથા નિવૃત્તિના લાભોના કેસ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને હાઈકોર્ટમાં પેન્ડિંગ હોય તેવા રેવન્યુ કેસો તેમજ અન્ય સિવિલ કેસો (ભાડુઆત, સુખાધિકાર હક્ક, મનાઈ હુકમના દાવા, સ્પેસિફિક પરફોર્મન્સ) વગેરે બાબતોના કેસોને પણ આ લોક અદાલતમાં સમાધાન અર્થે મૂકી શકાશે.

લોક અદાલત એ તકરારોના કાયમી અને સુખદ નિવારણ માટેનું એક શ્રેષ્ઠ ફોરમ છે. અત્રે પક્ષકારો આપસી સંમતિથી કેસનો નિકાલ લાવતા હોવાથી બંને પક્ષોની જીત થાય છે અને વૈમનસ્ય અટકે છે. વળી, કોર્ટ કચેરીના લાંબા ધક્કામાંથી મુક્તિ મળતા લોકોના સમય અને આર્થિક નુકસાનીની મોટી બચત થાય છે અને ખૂબ જ ઝડપી ન્યાય પ્રાપ્ત થાય છે.

જામનગર જિલ્લાની તમામ જાહેર જનતા તથા પક્ષકારોને અપીલ કરવામાં આવે છે કે, તેઓના ઉપરોક્ત કેસોમાં સમાધાનકારી વલણ અપનાવી તકરારનું કાયમી નિવારણ લાવવા માટે પોતાના વકીલ મારફતે સંબંધિત કોર્ટનો તાકીદે સંપર્ક કરે અને કેસને લોક અદાલતમાં મુકાવે. લોક અદાલત અંગે વધુ માહિતી કે માર્ગદર્શન મેળવવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરના ફોન નંબર ૦૨૮૮-૨૫૫૦૧૦૬ પર સંપર્ક કરી શકાશે. તેમજ દરેક જિલ્લા અથવા તાલુકા કક્ષાની કોર્ટમાં કેસ પેન્ડિંગ હોય, તો જે તે જિલ્લા/તાલુકા કોર્ટના કાનૂની મંડળનો સંપર્ક કરવા સચિવઅને એડિશનલ સીનિયર સિવિલ જજ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગર દ્વારા જણાવાયું છે.

## તરુણીના અપહરણના ગુનામાં જામજોધપુરના શખ્સ સામે ફરિયાદ

જામનગર : જામનગર શહેરના સિટી 'સી' ડિવિઝન પોલીસ મથક હેઠળના વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીર તરુણીને જામજોધપુરનો શખ્સ ઉઠાવી ગયો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવાતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરાયા છે

જામનગરમાં રહેતી અને બારમા ધોરણમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષની એક તરુણી ગત ૧ તારીખે પોતાના ઘેરથી એકાએક લાપતા બની ગઈ હતી. ત્યારબાદ તરુણીની માતાની ફરિયાદના આધારે પોલીસે જામજોધપુરના રહેવાસી હાર્દિક પાથર નામના આરોપી સામે અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તા. ૧ જુલાઈના રોજ હાર્દિક નામનો શખ્સ ફરિયાદીની સગીરવયની દીકરીને ફોસલાવી વાલીપણામાંથી લઈ ગયો હતો. પરિવારજનોએ પોતાની રીતે સગીરાની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ ભાળ ન મળતાં આખરે સિટી 'સી' ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી સગીરાને શોધવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તપાસના ભાગરૂપે સગીરાના રહેઠાણ તેમજ આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ એકત્રિત કરીને તેની ચકાસણી કરવામાં આવી રહી છે. ઉપરાંત આરોપીના સંભવિત ઠેકાણાઓ, તેના ઓળખીતાઓ અને અન્ય ટેક્નિકલ માહિતીના આધારે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે સગીરાને સુરક્ષિત શોધી કાઢવા અને આરોપીને ઝડપી પાડવા માટે વિવિધ ટીમોને કામે લગાડી વધુ તપાસ શરૂ કરી છે.

# દ્વારકા જિલ્લામાં નવનિયુક્ત રેવેન્યુ તલાટીઓને શુભેચ્છા પાઠવતા નિવાસી અધિક કલેક્ટર




જામનગર : ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહેસૂલી વિભાગમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદગી પામેલ તલાટીઓને નિમણૂંક પ્રમાણપત્ર એનાયત કરવાનો તેમજ રેવેન્યુ વિભાગની નવી સેવાઓનો આરંભ કાર્યક્રમ યોજાયો હતો.

જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા સેવા સદન, ખંભાળિયા ખાતે આ કાર્યક્રમના જીવંત પ્રસારણમાં નિવાસી અધિક કલેકટર અને જિલ્લામાં નવનિયુક્ત રેવેન્યુ તલાટીઓ જોડાયા હતા. નિમણૂંક પામેલા રેવેન્યુ તલાટીઓને નિવાસી અધિક કલેકટર એમ.વી. દેસાઈના હસ્તે નિમણુંકપત્ર સોંપીવામા આવ્યા હતા તેમજ તેમને શુભેચ્છા પાઠવવામા આવી હતી. ઉલ્લેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૨ ઉમેદવારો રેવન્યુ તલાટી તરીકે પસંદગી પામ્યા છે.

# જામનગરમાં જુગારના ચાર દરોડામાં ૬ મહિલા સહિત ૨૧ જુગારીઓ ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં જુગાર વિરોધી ઝુંબેશ અંતર્ગત પોલીસે અલગ-અલગ ચાર સ્થળોએ દરોડા પાડી કુલ ૬ મહિલાઓ સહિત ૨૧ જુગારીઓને ઝડપી પાડ્યા છે. તેઓ પાસેથી રોકડ રૂ. ૬૫,૩૫૦ તેમજ જુગારનું સાહિત્ય કબજે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરમાં સરૂ સેકશન રોડ સ્થિત સરલાબેન ત્રિવેદી ભવનના પાર્કિંગમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમી પરથી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટુકડીએ દરોડો પડ્યો હતો જ્યાં જુગાર રમતી ઈલાબા સહદેવસિંહ ચુડાસમા, આશાબેન કેશુભાઈ મોઢવાડિયા, આનંદબા રાજેન્દ્રસિંહ ઝાલા, સતીબેન હરીશભાઈ ચાવડા, હીનાબા બલવીરસિંહ ગોહીલ અને આરાધ્યાબા દીલીપસિંહ ઝાલાને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂ. ૨૭,૮૦૦ તથા ગંજીપત્તાના પર પાનાં કબજે કર્યા હતા.

ઉપરાંત શહેરના હાલાર હાઉસ પાછળ આરોગ્ય કેન્દ્ર પાસે જાહેરમાં ઘોડીપાસાના પાસા વડે પૈસાની હારજીતનો જુગાર રમતા મહેબુબ કાસમભાઈ વારિયા, ફીરોજભાઈ ઓસમાણભાઈ સિપાઈ અને યાકુબભાઈ મહમદભાઈ દરજાદાને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂ. ૩,૬૨૦ અને ઘોડીપાસાના પાસા કબજે કર્યા હતા.

જ્યારે શહેરના ગોકુલનગર રડાર રોડ પર રામ હોટેલ સામે કનૈયા હેર આર્ટવાળી ગલીમાં તીનપત્તીનો જુગાર રમતા નિરજ ગિરેન્દ્ર કુશવાહા, લકી માનસીંગ રાજપૂત, રાજકુમાર ફુલસિંહ કુશવાહા, મખન દેવીપ્રસાદ પટેલ, મુકેશ રામનરેશ, રાજેશ ઉદલસિંહ કુશવાહા, દિપુ નિયામત અલી, અજયકુમાર નવાબસિંહ પટેલ, રોહિતકુમાર પ્રમોદકુમાર લોદી, શર્બેશકુમાર રઘુનાથ કુશવાહા અને દિપક લખનસિંહ ગૌતમને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂ. ૩૨,૫૫૦ તથા ગંજીપત્તાના પર પાનાં કબજે કર્યા હતા.

આ ઉપરાંત શંકર ટેકરી વિસ્તારમાં જાહેરમાં વર્લી મટકાનો જુગાર ચલાવતા વલીમામદ ગુલમામદ ચના સંધીને ઝડપી પાડી તેની પાસેથી રોકડા રૂ. ૧,૩૮૦ તથા વર્લી મટકાનું સાહિત્ય કબજે કર્યું હતું.

## મોટી ખાવડીમાં શ્રમિક યુવાન ચાલુ કામ દરમિયાન બેશુદ્ધ થઈ જતા મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) વિસ્તારમાં આવેલી એક ખાનગી કંપનીમાં કામ દરમિયાન ઉત્તર પ્રદેશના પર વર્ષીય શ્રમિકનું તબિયત બગડતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મૃતક અવધેસ રામસુરત યાદવ (પર) મૂળ ઉત્તર પ્રદેશના સંત કબીરનગર જિલ્લાના રહેવાસી હતા અને હાલ જામનગર નજીક બેડ ગામ સીમ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હતા. દરમ્યાન ગત ૨ જુલાઈના રોજ મોટી ખાવડી ગામની સીમમાં આવેલી ખાનગી કંપનીના એરોમેટિક એરિયામાં કામ દરમિયાન અચાનક તેમને ઉલ્ટી અને ચક્કર આવતાં સહકર્મચારીઓ દ્વારા તાત્કાલિક કંપનીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે સુરેન્દ્ર યાદવે પોલીસને જાણ કરતા મેઘપર (પડાણા) પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી આકસ્મિક મૃત્યુની નોંધ કરી વધુ તપાસ આગળ ચલાવી છે.

# ચુડેશ્વર પાસે બાઈક ચાલક યુવાનને અજાણ્યા વાહન હડફેટે લીધો

ખંભાળિયા : સલાયા - ગોઈંજ ગામના રોડ પરથી મોટરસાયકલ ચલાવી પસાર થતા ચુડેશ્વર ગામના યુવાનને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા તેને ગંભીર ઈજા પહોંચી હોઈ આથી સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ બનાવની સ્થાનિક પોલીસ દ્વારા અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધી તેને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના ચુડેશ્વર ગામમાં રહેતો આકાસસિંહ ચંદ્રસિંહ જાડેજા નામનો ૩૦ વર્ષનો યુવાન ગત તા. ૩ ના રોજ જી. જે. ૩૭ એન. ૬૦૫૧ નંબરનું મોટરસાયકલ ચલાવી સલાયા - ગોઈંજ ગામના રોડ પરથી પસાર થતો હોય આ વેળાએ કોઈ અન્ય અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી ઠોકર મારતા તે રોડ ઉપર પડી ગયો હતો આથી તેને માથાના ભાગમાં નવ ટાંકાની તેમજ ડાબા ખભા નીચે આઠ ટાંકાની ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્તના ભાઈ જયદીપસિંહ જાડેજા દ્વારા સલાયા મરીન પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા એ. એસ. આઈ. બી. એમ. કેસરિયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાનો લાભ મેળવવા ખેડૂતો અરજી કરી શકશે

જામનગર : જામનગર જિલ્લામાં આવેલ અને રાજ્યની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા-પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે નિભાવ સહાયની 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે આઇ-ખેડુત પોર્ટલ-૨.૦ (ikhedut 2.0ñ Gujarat State Protal) પર મૂકવામાં આવ્યું છે. યોજનાના ઠરાવ તેમજ શરતો અને બોલીઓની વિગતો Website: http://gauseva.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

એપ્રિલ થી જૂનના તબક્કાની સહાય માટે તારીખ આગામી તા.૧૫ જુલાઈ ૨૦૨૬ સુધી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજીઓ સ્વીકૃત કરવામાં આવશે. એપ્રિલ થી જૂનના તબક્કાની સહાય માટે તારીખ ૧૫/૭ દરમિયાન આઇ-ખેડુત પોર્ટલ-૨.૦ પર અચૂકપણે અરજી કરી લેવાની રહેશે. જે તબક્કા માટે ઓનલાઈન આઇ-ખેડુત પોર્ટલ-૨.૦ પર અરજી ન કરેલ લાભાર્થી સંસ્થાને તે તબક્કાની સહાય મળવાપાત્ર રહેશે નહીં.

ikhedut ૨.૦માં લાભાર્થી લોગીન કરી ઓનલાઈન અરજી નોંધણી કરવાની ત્યારબાદ આ અરજીને ઓનલાઈન ફરજીયાત સબમિટ કરવાની અને સબમિટ થયા પછી ફરજીયાત પ્રિન્ટ પણ મેળવી લેવી. પોર્ટલ પર અરજી પેન્ડીંગ /ડ્રાફ્ટ રાખવી નહિ અન્યથા આવી પેન્ડીંગ /ડ્રાફ્ટ અરજી પ્રિન્ટ પાના નહિ આવે, તેમજ પોર્ટલ પર આવી નોંધાયેલ અધુરી અરજી માન્ય ગણાશે નહિ જેની ખાસ નોંધ લેવી.

ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટ આઉટ લઈ અરજીના પ્રિન્ટ આઉટના બિડાણમાં રાખવાના જણાવેલ જરૂરી સાધનિક કાગળો બિડાણ કરી અચૂકપણે અરજી કર્યાના દિન-૨૧માં નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયતની કચેરી ખાતે અરજી રજૂ કરવાની રહેશે. ઓનલાઈન કરેલ અરજી તથા અરજીમાં બીડાણમાં જણાવેલ સાધનિક કાગળો સાથે જો લાભાર્થી દ્વારા નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત ખાતે દિન-૨૧માં રજૂ ન કરે તો તે અરજી રદ કરવા પાત્ર રહેશે. તેમ નાયબ પશુપાલન નિયામકશ્રી જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મીઠાપુરમાં નિઃશુલ્ક મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય નિદાન કેમ્પનું આવતીકાલે આયોજન

ઓખા : આરોગ્ય સૌથી મોટી સંપત્તિ છે" ના ઉમદા સૂત્રને સાર્થક કરવા માટે દેવભૂમિ દ્વારકા તાલુકાના મીઠાપુર ખાતે આવતીકાલ ૫ જુલાઈના રોજ નિઃશુલ્ક મલ્ટી-સ્પેશિયાલિટી આરોગ્ય નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ડૉ. દિવ્યેશભાઈ કાલરીયાના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ કેમ્પમાં ગુજરાતના નામાંકિત અને નિષ્ણાત સુપર-સ્પેશિયાલિટી તબીબો પોતાની સેવાઓ આપશે.

સ્થાનિક અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘરઆંગણે જ તમામ જટિલ રોગોનું સચોટ નિદાન અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ સેવા યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, મીઠાપુર હોસ્પિટલ ખાતે કેસ બારી પરથી નિષ્ણાત ડોક્ટરોના કેસ માટેના ટોકનનું વિતરણ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવ્યું છે. સર્વે જરૂરિયાતમંદ દર્દીઓને વહેલી તકે પોતાના ટોકન મેળવી લેવા જણાવાયું છે.

કેમ્પમાં સેવા આપનાર નિષ્ણાત તબીબો અને તેમના વિભાગોની યાદી: ડૉ. રવિ ભોજાણી કાર્ડિયોલોજી (હૃદય રોગ), ડૉ. ગૌરાંગ વાઘાણી ન્યુરોસર્જરી (મગજની સર્જરી), ડૉ. મિતુલ કાસુન્દ્રા - ન્યુરોલોજી (મગજ અને ચેતાતંત્ર), ડૉ. રેનીશ ચતરાલા ઓન્કો સર્જરી (કેન્સર સર્જરી), ડૉ. સમીપ પાનસોરા - રેડિયેશન ઓન્કોલોજી (કેન્સર રેડિયેશન), ડૉ. શ્રેયા વાઘાસિયા - ઈએનટી (કાન-નાક-ગળું), ડૉ. તાન્યા મહેતા - પલ્મોનોલોજી (ફેફસાં અને શ્વાસના રોગો), ડૉ. આદિત્ય કંડોરિયા - જીઆઈ સર્જરી (જઠર-આંતરડાની સર્જરી), ડૉ. ઋષિકેશ કલારિયા - ગેસ્ટ્રોએન્ટેરોલોજી (પેટ અને લીવરના રોગો), ડૉ. રોનક ભાલોડીયા - નેફ્રોલોજીસ્ટ (કિડનીના રોગો),

આયોજકો તરફથી દ્વારકા તાલુકાના તમામ નાગરિકોએ આ નિઃશુલ્ક આરોગ્ય કેમ્પની માહિતી પોતાના મિત્રો અને પરિવારજનો સુધી વધુમાં વધુ પહોંચાડે, જેથી મહત્તમ જરૂરિયાતમંદ લોકો આ સુવર્ણ તકનો લાભ લઈ સ્વાસ્થ્ય લાભ મેળવી શકે.

# ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય વીજ ટાવર અને લાઈન વળતરમાં માતબર વધારો

### જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે :ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો,૭૬૫ કે.વી.લાઈનમાં૬૨૫ ચોમીના બદલે ૭૨૯ ચોમીનુ વળતર ચુકવાશે



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા મંત્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી કૌશિક ભાઇ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે.

ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઇન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઇન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે; ૭૬૫ કે.વી. લાઈનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે.

અગાઉ જમીનમાલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઈરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે.

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સી. (Mark™ Rate Committee)ની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઈઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય.

# નારી શક્તિ: વચનોથી લઈને કાર્યસિદ્ધિ સુધી- બ્રિક્સમાં ભારતનું યોગદાન

ભારતે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહયોગ અને ટકાઉપણું માટે નિર્માણ"ની થીમ હેઠળ બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળ્યું. મહિલાઓના મુદ્દાઓમાં આપણું યોગદાન ઘણું જ ખાસ રહ્યું છે. અહીં અમે માત્ર કોઈ નારો આપવા કે વખાણ કરવા માટે સફળ વાર્તાઓનો સંગ્રહ રજૂ નથી કરી રહ્યા. પરંતુ, અમે એક કાર્યકારી માળખું લાવ્યા છીએ જે કરોડો મહિલાઓ સુધી પહોંચ્યું છે. આ માળખું ભારત પૂરતું મર્યાદિત નથી. અહીંથી શરૂ થઈને તે જ્યાં પણ પહોંચે છે, ત્યાંની જરૂરિયાતો અને પરિસ્થિતિઓને અનુરૂપ વધુ વિકસવા અને વિસ્તરવા માટે સજ્જ રહે છે.

આ જ ભારતની ખાસ વાત છે. એક દાયકાથી વધુ સમયથી, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતે મહિલા-નેતૃત્વ વિકાસને રાષ્ટ્રીય મિશન તરીકે અપનાવ્યું છે અને આ એવા સ્તરે પ્રાપ્ત કર્યું છે જેની બરાબરી બહુ ઓછા દેશો કરી શકે છે. ૨૦૨૩માં G20ના પ્રમુખપદ દરમિયાન, ભારતે વૈશ્વિક માનસિકતાને "મહિલા વિકાસ"થી "મહિલા-નેતૃત્વ વિકાસ"માં બદલવામાં મદદ કરી છે. આ ફક્ત શબ્દોમાં પરિવર્તન નહોતું, પણ વિચારસરણીમાં પણ પરિવર્તન હતું. મહિલાઓને ફક્ત લાભાર્થી તરીકે જોવાના બદલે તેમને નેતા તરીકે જોવામાં આવ્યા. કોચીમાં, અમે આ જ પરિવર્તનનો પ્રશ્ન ઉઠાવી રહ્યા છીએ: એક વાર કોઈ સંકલ્પ કરવામાં આવે, પછી તેને મોટા પાયે દેશના છેલ્લા ગામની છેલ્લી મહિલા સુધી કેવી રીતે પહોંચાડવો? ભારતે છેલ્લા દસ વર્ષમાં આ પ્રશ્નનો જવાબ આપ્યો છે, ફક્ત સિદ્ધાંતમાં જ નહીં, પરંતુ વ્યવહારમાં પણ.

આ વિચારસરણી ભારત માટે નવી નથી, પણ ખૂબ જૂની છે. વિકાસ જેવી આધુનિક સંકલ્પનાઓ પ્રચલિત થાય તે પહેલાંથી જ ભારતીય સંસ્કૃતિએ નારીને શક્તિ, જ્ઞાન અને સમૃદ્ધિના સ્ત્રોત તરીકે સ્વીકારી છે. આ ત્રણ એવા આધારસ્તંભો છે જેના પર કોઈપણ સમાજ પ્રગતિ કરે છે, અને તેમની પૂજા દેવી દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીના રૂપમાં કરવામાં આવે છે. દૈવી શક્તિને "શક્તિ" કહેવામાં આવે છે, અને એક પ્રખ્યાત સંસ્કૃત શ્લોક અનુસાર, જ્યાં સ્ત્રીઓનું સન્માન કરવામાં આવે છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. આ આદર ફક્ત દેખાડો માટે નહોતો: લોપામુદ્રા અને ઘોષા જેવા સ્ત્રી ઋષિઓએ ઋગ્વેદના મંત્રો રચ્યા હતા, જ્યારે ગાર્ગી અને મૈત્રેયી જેવા તત્વજ્ઞાનીઓએ ઉપનિષદોની પ્રખ્યાત ચર્ચાઓમાં પોતાનો વિચાર દૃઢતાપૂર્વક રીતે રજૂ કર્યો હતો. તેથી, ભારત માટે, મહિલાઓ દ્વારા સંચાલિત વિકાસ એ કોઈ બીજા પાસેથી ઉધાર લીધેલો વિચાર નથી, પરંતુ એક પ્રાચીન વિચારનું આધુનિક સંસ્કરણ છે.શરૂઆત નિર્ણય લેવાની પ્રક્રિયાથી કરીએ. ભારતની પંચાયતી રાજ સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી લગભગ અડધી મહિલાઓ છે, આ વિશ્વમાં ચૂંટાઈ આવેલી મહિલા જનપ્રતિનિધિઓના સૌથી મોટા સમૂહોમાંનું એક છે. વધુમાં, નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩, સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખે છે. મહિલાઓના નેતૃત્વ હેઠળનો વિકાસ પ્રતિનિધિત્વ સાથે સમાપ્ત થતો નથી; પરંતુ



શ્રીમતી અન્નપૂર્ણા દેવી

તે ત્યાંથી શરૂ થાય છે. જે વ્યવસ્થાઓ મહિલાઓને સેવાઓ પૂરી પાડે છે પરંતુ તે સેવાઓ નક્કી કરતા નિર્ણયોમાં તેમને સામેલ કરતું નથી તે ખરેખર મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસ મોડેલ કહી શકાય નહીં.

ભારતનું સેવા વિતરણ માળખું ત્રણ ઘટકો પર આધારિત છે જે એકસાથે કામ કરે છે. પહેલો ઘટક છે ઍક્સેસ: ડિજિટલ જાહેર માળખાકીય સુવિધાઓ મહિલાઓને સીધા લાભ પહોંચાડે છે. આધાર-લિંક્ડ ટ્રાન્સફર એ મધ્યસ્થીઓની ભૂમિકાને દૂર કરી છે જેમણે અગાઉ સહાય તેમના સુધી પહોંચે તે પહેલાં જ તેને ડાયવર્ટ કરી દીધી હતી. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMTVY) આ સુલભતાનું વ્યવહારુ ઉદાહરણ છે. ૪.૨૬ કરોડથી વધુ માતાઓએ તેમના આધાર-લિંક્ડ ખાતાઓ દ્વારા સીધા ૨૦,૦૬૦ કરોડથી વધુના માતૃત્વ લાભો મેળવ્યા છે. બીજો ઘટક સંસ્થાઓ છે: DAY-NRLM હેઠળ, ૧૦.૦૫ કરોડથી વધુ ગ્રામીણ મહિલાઓને ૯૯૦,૦૦૦થી વધુ સ્વ-સહાય જૂથોમાં સંગઠિત કરવામાં આવી છે, જે વિશ્વની મહિલાઓની આગેવાની હેઠળની સમુદાય સંસ્થાઓનું સૌથી મોટું નેટવર્ક છે. ત્રીજો ઘટક ગતિશીલતા છે - તળિયે રહેવાને બદલે મૂલ્ય શૃંખલાને ઉપર લઈ જવા માટે સભાનપણે પસંદ કરાયેલ માર્ગ. ભારત હવે ૬૫,૯૪૯ સ્વ સહાય જૂથોની મહિલાઓને બિઝનેસ કોરસપોન્ડન્ટ એજન્ટ્સ (BC સખીઓ) તરીકે નિયુક્ત કરી રહ્યું છે, જે દૂરના વિસ્તારોમાં ડિપોઝિટ, ક્રેડિટ, રેમિટન્સ અને પેન્શન સેવાઓ પહોંચાડે છે. જે મહિલાઓ એક સમયે લાભ માટે કતારમાં ઉભી રહેતી હતી તેઓ હવે તે લાભ અન્ય લોકો સુધી પહોંચાડી રહી છે.એકંદરે, આ બધું મળીને ભાગીદારીને આવક અને માલિકીમાં પરિવર્તિત કરે છે. લખપતિ દીદી પહેલ હેઠળ, ૧.૪૮ કરોડ મહિલા સ્વ-સહાય જૂથો જૂન ૨૦૨૫ સુધીમાં ઓછામાં ઓછા ૧ લાખની વાર્ષિક કમાણી સુધી પહોંચી ગયા હતા અને જાન્યુઆરી ૨૦૨૬માં ઉદ્યોગસાહસિકતા પર કેન્દ્રિત રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી જેનો હેતુ ૫૦,૦૦૦ સમુદાય સંસાધન વ્યક્તિઓ દ્વારા વધારાની ૫૦ લાખ મહિલાઓને તાલીમ આપવાનો છે. વિકાસનો આ જ માર્ગ ઔપચારિક વ્યવસાયોમાં પણ દેખાય છે: PMMY હેઠળ વિતરિત કરાયેલી ૬૯ ટકા લોન અને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા લાભાર્થીઓમાંથી ૮૪ ટકા મહિલાઓ છે. DPIIT દ્વારા માન્યતા પ્રાપ્ત ૨.૧૨ લાખ સ્ટાર્ટઅપ્સમાંથી, ૧.૦૨ લાખથી વધુ ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર અથવા શેરહોલ્ડર ધરાવે છે, અને આમાંના ઘણા સ્ટાર્ટઅપ્સ મોટા શહેરોમાં નહીં, પણ નાના શહેરોમાં છે. અમે BRICSને માત્ર આ બ્રાન્ડ નામો તરીકે નહીં, પરંતુ તેમની પાછળની વાર્તાઓ પ્રદાન કરીએ છીએ: પહેલા ઍક્સેસ, પછી સંસ્થાઓ અને પછી લાભાર્થીથી ઉદ્યોગસાહસિક સુધીનો વ્યવસ્થિત માર્ગ.આંકડા પણ આ પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. ભારતમાં કાર્યકારી વસ્તીમાં મહિલાઓની ભાગીદારી ૨૦૧૭-૧૮માં ૨૩.૩ ટકાથી વધીને ૨૦૨૩-૨૪માં ૪૧.૭ ટકા થઈ ગઈ છે, અને આ સમયગાળા દરમિયાન મહિલાઓમાં બેરોજગારીનો દર ૫.૬ ટકાથી ઘટીને ૩.૨ ટકા થયો છે. હવે જ્યારે પહેલા કરતાં વધુ મહિલાઓ કાર્યબળનો ભાગ બની છે, ત્યારે અમારું ધ્યાન આગામી પગલાં પર છે: તેમના કાર્ય અને કમાણીની ગુણવત્તામાં વધુ સુધારો લાવવાનો છે.આ વર્ષે, મહિલાઓના કાર્ય માટે ચાર પ્રાથમિકતા ક્ષેત્રો ઓળખવામાં આવ્યા છે અને તેમાંથી એક સીધો આપણા અનુભવ સાથે જોડાયેલો છે: જળવાયુ કાર્યવાહી, ખાદ્ય સુરક્ષા અને પોષણમાં મહિલાઓની ભૂમિકા. પુરાવા સ્પષ્ટપણે આ દર્શાવે છે:

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, મહિલા-નેતૃત્વ વિકાસ એ ફક્ત સરકારી જાહેરાત નથી, પરંતુ એક એવી વ્યવસ્થા છે જે દરેક ભાગને એવી રીતે જોડીને વિકસાવવામાં અને સંચાલિત કરવામાં આવે છે કે તે છેલ્લી મહિલા સુધી પહોંચી શકે જેના માટે તે બનાવવામાં આવી હતી. જુલાઈમાં કોચીમાં યોજાનારી મંત્રી સ્તરની બેઠકમાં, ભારત આ મોડેલને એક યોગદાન તરીકે રજૂ કરશે, નહીં કે એવા ઉકેલ તરીકે કે જેને બીજાઓએ અપનાવવું જોઈએ. ઉદ્દેશ્ય એ છે કે અન્ય લોકો તેમાંથી શીખે અને તેને પોતાની પરિસ્થિતિઓમાં સુસંગત કરે. આ વ્યવસ્થા, અને તેની સફળતાનો પુરાવો, તે છે જે ભારત બ્રિક્સ સમક્ષ રજૂ કરી રહ્યું છે. આ આદાન-પ્રદાન બંને તરફથી છે: ભારત કોચીમાં તેના બ્રિક્સ ભાગીદારોના શ્રેષ્ઠ અભ્યાસોમાંથી શીખવા અને તેના અનુભવો શેર કરવા તૈયાર છે.

# જામનગરમાં યુવાન પર અજાણ્યા શખ્સોએ જીવલેણ હુમલો કરી ઢાળી દીધું, કારણ અકબંધ



તસવીર: સુનિલ ચુડાસમા

## ત્રણ શખ્સોએ હુમલો કર્યો હોવાની પ્રાથમિક માહિતી, સિટી સી. ડિવિઝન પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

જામનગર : જામનગર શહેરમાં ગઈકાલ ગુરુવારે રાત્રિના સમયે હત્યાની એક ગંભીર ઘટના સામે આવી છે. શહેરના ખેતીવાડી વિસ્તારના રહેવાસી કરણ વાઘેલા નામના ૨૦ વર્ષીય યુવાન પર ત્રણ જેટલા શખ્સોએ ધારદાર છરી વડે જીવલેણ હુમલો કર્યો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

આ હુમલામાં યુવાનને પેટ સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. બનાવની જાણ થતાં આસપાસના લોકોએ ગંભીર રીતે ઘાયલ કરણ વાઘેલાને તાત્કાલિક સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જોકે ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ તેને મૃત જાહેર કર્યો હતો. સારવાર દરમિયાન યુવાનનું મોત થતાં સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ ત્રણ શખ્સોએ આ હુમલો કર્યો હોવાનું સામે આવી રહ્યું છે. જોકે હુમલાખોરોની ઓળખ, હુમલાનું ચોક્કસ કારણ અને સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. શહેર સી. ડિવિઝન પોલીસનો કાફલો ઘટના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળેથી પુરાવાઓ એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, તેમજ આસપાસના વિસ્તારના સાક્ષીઓના નિવેદનો અને ઉપલબ્ધ સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

આ બનાવને પગલે ખેતીવાડી વિસ્તાર સહિત શહેરભરમાં ભારે ચકચાર ફેલાઈ છે. હત્યાનું ચોક્કસ કારણ અને હુમલાખોરોની ઓળખ પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

# જોડિયા પંથકમાં ગેરકાયદે રેતી ખનન સામે કાર્યવાહી કરવા ગયેલ અધિકારી પર હુમલો

## સ્થળ પરથી ૧.૫ કરોડની કિંમતના આઠ વાહનો કબજે કરાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી, જામનગરની ટીમ દ્વારા જોડિયા પંથકમાં ગેરકાયદેસર ખનિજ વહન અટકાવવા માટે આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ખનિજનું બિનઅધિકૃત પરિવહન કરતા કુલ ૮ વાહનો ઝડપી પાડી સીઝ કરવામાં આવ્યા છે. જે મુદ્દામાલની અંદાજિત કિંમત રૂ.૧.૫ કરોડ જેટલી થાય છે.

તપાસ દરમિયાન વાહન નંબર GJ-10-TY-6100ના માલિક એઝાઝભાઈએ તપાસ ટીમ સાથે ગેરવર્તન કરી ઉગ્ર બોલાચાલી કરી મારામારી કરી સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરી ફરજમાં રૂકાવટ કરી હતી. ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીની ટીમ દ્વારા GJ-10-TY-6100 નંબરનું વાહન જોડિયા પોલીસ સ્ટેશન ખાતે જમા કરી સરકારી ફરજમાં રૂકાવટ કરનાર સખ્શ એઝાઝભાઈ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે ખનિજ ચોરી, ગેરકાયદેસર ખનિજ પરિવહન અને સરકારી ફરજમાં અવરોધ ઊભો કરનાર તત્વો સામે આગામી દિવસોમાં પણ કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે.

# બેડેશ્વર વિસ્તારમાં જૂની અદાવતમાં યુવાન પર પાંચ શખ્સોનો જીવલેણ હુમલો

જામનગર : જામનગરના બેડેશ્વર વિસ્તારમાં જૂની અદાવતના કારણે એક યુવાન રોકી પાંચ શખ્સોએ લોખંડના પાઈપ વડે પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદના આધારે પોલીસે પાંચ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાના ભંગ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ બેડેશ્વર વિસ્તારમાં રહેતા ઈમશનભાઈ હાજીભાઈ વાંઢા પોતાના પિતાની તબિયત જાણવા માટે તેમના ઘરે ગયા હતા. જયાંથી પરત ફરી રહ્યા હતા, ત્યારે શાળા નંબર ૫૫ પાસે યાસીન ઉર્ફે બાબરી ગંઢાર, તેનો ભાઈ મનસુર ગંઢાર, હમીદ ખત્રી, શાહરુખ ખત્રી અને ફિરોજ ખત્રી જાહેર રસ્તા પર ઉભા હતા. આરોપીઓએ ફરિયાદીને રોકી તેમના સગા રફિક સાથે ચાલતા વિવાદ અંગે પૂછપરછ કરી હતી.

જેથી ફરિયાદી દ્વારા પોતાને કોઈ જાણકારી ન હોવાનું જણાવતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. અને યાસીન ઉર્ફે બાબરીએ લોખંડના પાઈપ જેવા હથિયારથી ફરિયાદીના માથાના જમણા ભાગે ઘા કર્યો હતો, જ્યારે અન્ય ચાર આરોપીઓએ ફરિયાદીને પકડી રાખી મુક્કા-પાટુનો માર માર્યો હતો. મારામારીનો અવાજ સાંભળી આસપાસના લોકો એકત્ર થતાં પાંચેય આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

ઈજાગ્રસ્તને તેમના સગાએ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં માથામાં પાંચ ટાંકા આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સારવાર દરમિયાન ફરિયાદીને જાણવા મળ્યું હતું કે તેમના સગા રફિક અને યાસીન ઉર્ફે બાબરી વચ્ચે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે ઈમરાનભાઈ હાજીભાઈ વાંઢાની ફરિયાદના આધારે પોલીસે યાસીન ઉર્ફે બાબરી ગંઢાર, મનસુર ગંઢાર, હમીદ ખત્રી, શાહરુખ ખત્રી અને ફિરોજ ખત્રી સામે જીવલેણ હુમલો, મારામારી, ધમકી, એકસંપ તથા જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં સામાન્ય બાબતમાં બોલાચાલી થતા યુવાન પર ત્રણ ભાઈઓનો હુમલો

જામનગર : જામનગર શહેરમાં તાજિયા માટે રાખવામાં આવેલા લોખંડના પિંજરાને હટાવવા બાબતે થયેલી બોલાચાલી બાદ યુવક ઉપર ત્રણ ભાઈઓએ હુમલો કરી ઈંટ વડે માથામાં ઈજા પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ વિશાલ હોટેલ ચેમ્બર કોલોની, રાધેકૃષ્ણ મંદિર પાસે રહેતા રાકેશભાઈ આનંદભાઈ ગુરૂ નામના મદ્રાસી યુવાને પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના ઘરની બાજુમાં તાજિયા માટેનું લોખંડનું પિંજરું રાખવામાં આવ્યું હતું, જે મકાનના કામમાં અડચણરૂપ બનતું હોવાથી તેમણે પાડોશી ઈમરાનભાઈ ચના ને પિંજરું હટાવવા જણાવ્યું હતું. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

દરમ્યાન ઈમરાનભાઈએ પિંજરું હટાવવાનો ઈનકાર કરી ફરિયાદીને ગાળો આપી ઝાપટ મારી હતી. તેમજ તેનો ભાઈ સિદ્દીક ચના તથા અક્રમ ચના પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને ત્રણેયે મળીને ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ઈમરાન અને સિદ્દીકે ફરિયાદીને પકડી રાખતાં અક્રમે ઈંટ વડે માથાના પાછળના ભાગે હુમલો કરતાં લોહી નીકળતી ઈજા પહોંચી હતી.

હુમલા બાદ ત્રણેય શખ્સોએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં પરિવારજનો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત રાકેશભાઈના નિવેદનના આધારે પોલીસે ઈમરાનભાઈ ચના, સિદ્દીક ચના અને અક્રમ ચના સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




# ગુજરાત સરકારનો ઐતિહાસિક અને નવતર ખેડૂતલક્ષી નિર્ણય

## વીજ ટાવર અને લાઇન નાખવાના વળતરમાં માતબર વધારો

**જંત્રીને બદલે હવે પ્રવર્તમાન બજાર ભાવના બમણા દરે ચૂકવણી કરાશે; જમીનની કિંમત નક્કી કરવા માટે રચવામાં આવનારી 'માર્કેટ રેટ કમિટી'માં ખેડૂત પ્રતિનિધિઓને સન્માનજનક સ્થાન મળશે**



ગુજરાતના કૃષિ ક્ષેત્ર અને ધરતીપુત્રોના આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકારે વધુ એક વખત સંવેદનશીલતા દર્શાવીને એક ક્રાંતિકારી અને અભૂતોપૂર્વ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના સીધા માર્ગદર્શનમાં રાજ્યના ઉચ્ચ સ્તરીય મંત્રીમંડળ દ્વારા ખેડૂતોના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને એક ઉદાર નીતિની જાહેરાત કરવામાં આવી છે.

આ મહત્વપૂર્ણ નિર્ણયને આખરી ઓપ આપવા માટે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ વિવિધ ખેડૂત સંગઠનો તથા અગ્રણીઓ સાથે લાંબી ચર્ચા, વિચાર-વિમર્શ અને પરામર્શ કર્યો હતો. ખેડૂતોની રજૂઆતો અને તેમના આર્થિક હિતને સર્વોપરી ગણીને ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન અને ઊભા કરાતા વીજ ટાવરના વળતરમાં ઐતિહાસિક વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ નવીન વળતર નીતિથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની કિંમતી જમીનનું યોગ્ય, ન્યાયી અને પ્રવર્તમાન બજાર આધારિત વળતર મળશે.

### ૧. જંત્રી આધારિત જૂની પ્રથા નાબૂદ, હવે પ્રવર્તમાન બજાર ભાવના બમણા દર

અત્યાર સુધી રાજ્યના ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઇન, પોલ કે ટાવર ઊભા કરવા માટે જે વળતર અપાતું હતું તે સરકારી જંત્રીના દર પર આધારિત હતું. જૂના નિયમો મુજબ ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું, જે જમીનની વાસ્તવિક બજાર કિંમત કરતાં ઘણું ઓછું હોવાથી ખેડૂત સંગઠનો દ્વારા લાંબા સમયથી તેમાં સુધારાની માંગણી કરવામાં આવી રહી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆતોનો હકારાત્મક ઉકેલ લાવતા વર્ષો જૂની જંત્રી આધારિત વળતર પ્રથા નાબૂદ કરી દીધી છે. હવેથી જમીનનું વળતર જંત્રી પ્રમાણે નહીં, પરંતુ જે તે વિસ્તારના પ્રવર્તમાન વાસ્તવિક બજાર ભાવ (Market Rate)ના બમણા (૨૦૦%) દર લેખે સીધું ખેડૂતોને ચૂકવવાનો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. આ ફેરફારથી ખેડૂતોને તેમની જમીનની સાચી આર્થિક કિંમત મળશે અને વિકાસ કાર્યોમાં પણ તેઓ સહભાગી બની શકશે.

### ૨. ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં સુધારોઃ દરેક બાજુએ ૧ મીટરનો ઉમેરો

ખેડૂતોને મહત્તમ આર્થિક લાભ આપવાના આશયથી સરકારે વળતરની ક્ષેત્રફળ ગણતરીની પદ્ધતિમાં પણ મહત્વપૂર્ણ સુધારો કર્યો છે. અગાઉના સમયમાં ખેતરમાં જે વીજ ટાવર ઊભો કરવામાં આવતો, તેના પાયા (બેઝ) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ જમીનનું વળતર અપાતું હતું.

હવે નવી નીતિ અનુસાર, ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની ચારેય બાજુએ વધારાના એક-એક મીટરની જગ્યા ઉમેરીને કુલ વિસ્તારની ગણતરી કરવામાં આવશે અને તે મુજબ વળતર ચૂકવાશે. ઉદાહરણ તરીકે, મોટા કદની ૭૬૫ કે.વી. વીજ લાઇનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટરના વિસ્તાર લેખે જ વળતર મળવાપાત્ર થતું હતું. પરંતુ હવે ચારેય તરફ વધારાના ૧ મીટરનો ઉમેરો કરવાને કારણે વળતર માટેનો વિસ્તાર વધીને ૭૨૯ ચોરસ મીટર થઈ જશે. આમ, ગણતરીનું ક્ષેત્રફળ વધતાં ખેડૂતોને મળવાપાત્ર કુલ રકમમાં મોટો વધારો જોવા મળશે.

### ૩. તટસ્થ મૂલ્યાંકન માટે 'માર્કેટ રેટ કમિટી' (MRC) ની અદભુત રચના

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ, ન્યાયી અને સંપૂર્ણ પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એક વિશેષ સમિતિ 'માર્કેટ રેટ કમિટી' (MRC) ની રચના કરવાનું સરકારી સ્તરે નિર્ધારિત કરાયું છે. આ સમિતિની સૌથી મોટી અને ખાસ વિશેષતા એ છે કે તેમાં માત્ર સરકારી અધિકારીઓ જ નહીં, પરંતુ અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડૂતો દ્વારા નિયુક્ત કરાયેલા ઓથોરાઈઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સત્તાવાર સ્થાન આપવામાં આવશે.

આ ઉપરાંત, બજાર કિંમત નિર્ધારણ કરવાની આ ઉચ્ચ સ્તરીય સમિતિમાં જિલ્લા કલેક્ટરશ્રી તથા સંબંધિત ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડર (વીજ કંપની)ના પ્રતિનિધિઓ પણ સામેલ રહેશે. ખેડૂતોના પ્રતિનિધિઓની હાજરીના કારણે જમીનના ભાવ નક્કી કરતી વખતે ખેડૂત પક્ષે કોઈ અન્યાય થવાની સંભાવના નહિવત બની જશે અને સમગ્ર દેશમાં આ એક મોડેલ પદ્ધતિ પૂરવાર થશે.

### ૪. ટુકડે-ટુકડે ચૂકવણીની ઝંઝટ ખતમ, હવે પ્રારંભમાં જ એકીસાથે ૧૦૦% વળતર

અગાઉની વ્યવસ્થા મુજબ જમીનમાલિક ખેડૂતોને વળતરની રકમ ત્રણ અલગ-અલગ તબક્કામાં ટુકડે-ટુકડે ચૂકવવામાં આવતી હતી. જેમાં કામની શરૂઆતમાં ફાઉન્ડેશન (પાયા) તબક્કે ૪૦%, ટાવર ઈરેક્શન (ઊભો કરવા) વખતે ૪૦% અને છેલ્લે વાયરિંગ (તાર ખેંચવાનું) કામ પૂર્ણ થયા બાદ બાકીના ૨૦% રકમ ચૂકવવામાં આવતી હતી. આ લાંબી પ્રક્રિયાના કારણે ખેડૂતોને વળતર મેળવવામાં વિલંબ થતો હતો અને વહીવટી પ્રક્રિયા લાંબી ચાલતી હતી.

### ૫. રાઇટ ઓફ વે (RoW) કોરિડોર માટે ભૌગોલિક વિસ્તાર મુજબ નવું વળતર માળખું

વીજ લાઈન જે વિસ્તારમાંથી પસાર થતી હોય તેના રાઈટ ઓફ વે (RoW) કોરિડોર માટે પણ એમ.આર.સી. (MRC) દ્વારા નક્કી કરાયેલી પ્રવર્તમાન બજાર કિંમતના આધારે ચોક્કસ ટકાવારી મુજબ વળતરનું નવું માળખું જાહેર કરાયું છે, જે નીચે મુજબ છે:

ગ્રામ્ય વિસ્તારો: ગામડાંના ખેડૂતો માટે જમીનની બજાર કિંમતના ૩૦% મુજબ વળતર અપાશે.

નગરપાલિકા વિસ્તારો: નાના શહેરી વિસ્તારો માટે બજાર કિંમતના ૪૫% મુજબ વળતર અપાશે.

મહાનગરપાલિકા વિસ્તારો: મોટા કોર્પોરેશન વિસ્તારોની જમીન માટે બજાર કિંમતના ૬૦% મુજબ વળતર ચૂકવવામાં આવશે.

### ૬. પ્રગતિ હેઠળના ચાલુ કામોને પણ નવી ઉદાર નીતિનો લાભ મળશે

રાજ્ય સરકારે આ નિર્ણયની અમલવારીમાં અત્યંત ઉદારતા અને સહિષ્ણુતા દાખવીને એક મોટો સદ્ભાવનાપૂર્ણ નિર્ણય પણ લીધો છે. સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જે ખેડૂતોએ અગાઉના જૂના નિયમો કે જૂની જંત્રીના દર પ્રમાણે વળતરની રકમ મેળવી લીધી હોય, પરંતુ જો તેમના ખેતરમાં વીજ લાઈન કે ટાવર ઊભો કરવાની કામગીરી હજી પણ પ્રગતિમાં (ચાલુ) હોય અને પૂર્ણ ન થઈ હોય, તેવા તમામ કિસ્સાઓમાં પણ ખેડૂતોને આ નવી અને સુધારેલી વળતર નીતિનો પૂરેપૂરો લાભ અપાશે. આ ઉદાર નિર્ણયના કારણે અધૂરા કામો ધરાવતા હજારો ખેડૂતોને પણ વધારાની માતબર રકમ મળતી થઈ જશે અને કોઈ પણ ખેડૂત આ લાભથી વંચિત નહીં રહે.

### ૭. કૃષિ અને ઊર્જા ક્ષેત્ર વચ્ચે સમન્વયનો નવો અધ્યાય

ગુજરાત હંમેશાં ઊર્જા ક્ષેત્રે દેશનું અગ્રણી રાજ્ય રહ્યું છે. ગ્રીન એનર્જી અને અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા માટે નવી ટ્રાન્સમિશન લાઈનો નાખવી અનિવાર્ય છે. પરંતુ આ વિકાસ પ્રક્રિયામાં જગતનો તાત ક્યાંય પાછળ ન રહી જાય તેની કાળજી રાખવી એટલી જ જરૂરી છે. સરકારે લીધેલા આ નિર્ણયથી હવે વીજ કંપનીઓ અને ખેડૂતો વચ્ચે થતા સંઘર્ષોનો અંત આવશે.

ખેડૂતો સ્વયંભૂ રીતે વળતરથી સંતુષ્ટ થઈને પોતાના ખેતરમાંથી લાઈન પસાર કરવા માટે મંજૂરી આપશે, જેથી સરકારી યોજનાઓ અને વીજ માળખાનું કામ ખૂબ જ ઝડપથી પૂર્ણ થઈ શકશે.

**ઉદાહરણ-૧**

| | ગુજરાત સરકારના ઠરાવ તા.૦૧-૦૩-૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૩૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર માટે રૂ.૯૭૯ પ્રતિ ચો.મી) (ROW કોરીડોર માટે - રૂ.૭૬૧ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ.૧૮૫૩.૨૯ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૬.૧૧ લાખ (૬૨૫ ચો.મી.) | ૨૭.૦૨ લાખ (૭૨૯ ચો.મી.) |
| RoW કોરીડોર | ૧૨.૭૪ લાખ (૨૫% ROW) | ૩૭.૨૫ લાખ (૩૦% ROW) |



**ઉદાહરણ-૨**

| | ગુજરાત સરકારના ઠરાવ તા.૦૧-૦૩-૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વીઘા = ૨૦ લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર અને Row કોરીડોર માટે - રૂ.૩૮૨ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂ.૧૨૩૫.૫૩ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૨.૩૮ લાખ (૬૨૫ ચો.મી.) | ૧૮.૦૦ લાખ (૭૨૯ ચો.મી.) |
| RoW કોરીડોર | ૬.૩૯ લાખ (૨૫% ROW) | ૨૪.૩૮ લાખ (૩૦% ROW) |